સુવિચાર
આજના માનવીની કરૂણતા એ છે કે વાસ્તવિકતાની માટી પર પગ મૂકયા વગર જ રાતોરાત ટોચને લાયક બની જવું છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૬/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મઘ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૫૧

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.
અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા "આયુષ્યમાન કાર્ડ" અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે

ડૉ. પ્રદિપ ધકુક
M.S.જનરલ સર્જન
અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)
◆ હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
◆ મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
◆ હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
◆ દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
◆ સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
◆ હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.
: નોંધ :
બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

### ધારાસભ્ય જે.વી. કાકડીયાએ કામગીરીનું નિરીક્ષણ કર્યુ

# આંબરડી સફારી પાર્કનાં વિકાસનો ધમધમાટ

**ધારી નજીક આવેલ સફારી પાર્ક ખાતે લાખો રૂપિયાનાં ખર્ચે પ્રવાસીઓ અને પ્રાણીઓ માટે સુવિધા ઉભી કરાશે**

**જિલ્લાનાં પ્રવાસન ક્ષેત્રનાં વિકાસ માટે રાજય સરકાર દ્વારા ખુલ્લા મને નાણાની ફાળવણી કરાઈ**

**સફારી પાર્કનાં લીધે રિસોર્ટ ઉદ્યોગનાં વિકાસનાં દ્વાર ખુલ્લી રહ્યાં છે**

**આગામી ર થી ૩ વર્ષમાં સાસણગીર જેટલા જ પ્રવાસીઓની આવનજાવન શરૂ થશે તેવું અનુમાન**



અમરેલી, તા. ૯
અમરેલીનાં ધારી નજીક આવેલ આંબરડી સફારી પાર્કનાં સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે પુરતા પ્રમાણમાં નાણાની ફાળવણી સ્થાનિક ધારાસભ્ય જે.બી. કાકડીયાની રજૂઆત બાદ કરતાં હાલ સફારી પાર્કનાં વિકાસનો ધમધમાટ જેવા મળી રહ્યો છે.

વન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ અને નિષ્ણાંતોનાં માર્ગદર્શનતળે વન વિસ્તારનાં પ્રાણીઓ અને પ્રવાસીઓની સુવિધા અર્થે જબ્બરૂ કામ શરૂ થયું છે. સફારી પાર્કનાં વિકાસની સાથે આજુબાજુનાં વિસ્તારમાં ખાનગી વ્યકિતઓ ધ્વારા રિસોર્ટનું પણ નિર્માણ કાર્ય થઈ રહ્યું હોય આગામી ૨–૩ વર્ષમાં સાસણ ગીર (દેવળીયા પાર્ક)ની જેમ જ સહેલાણીઓની મોટી સંખ્યામાં આવન–જાવન શરૂ શે અને અમરેલી જિલ્લાનું નામ સમગ્ર દેશમાં પ્રવાસન ક્ષેત્રે આવી જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

### મોડી સાંજનાં સમયની ઘટના

## અમરેલીમાં ઠાકર થાળ હોટેલનાં નીચેના ભાગે આકસ્મિક આગ લાગી

**ફાયર વિભાગે ગણતરીની મિનીટોમાં આગ પર કાબુ મેળવ્યો**

અમરેલી, તા. ૯
અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ ઠાકર થાળનાં નીચેના ભાગે મોડી સાંજે આગની ઘટનાથી અફડાતફડી મચી ગઈ હતી અને થોડીવાર માટે વીજ પુરવઠો ખોરવાયો હતો.

જાણવા મળતી વિગતો મુજબ શોર્ટ સરકીટથી સામાન્ય આગ લાગતા ફાયર વિભાગે ગણતરીની મિનીટોમાં આગ પર કાબુ મેળવી લીધો હતો.

### કોંગી હાઈકમાન્ડે સત્તાવાર જાહેરાત કરી

## અંતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખપદે સાંસદ શકિતસિંહ ગોહિલને જવાબદારી

**લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસમાં તૈયારી શરૂ**

અમદાવાદ, તા.૯
લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે સાંસદ શક્તિસિંહ ગોહિલની નિમણૂક કરાઈ છે. કોંગ્રેસ હાઈકમાન્ડે શક્તિસિંહ ગોહિલને ગુજરાત પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. શક્તિસિંહ ગોહિલ હાલ રાજ્યસભાના સાંસદ છે. જગદીશ ઠાકોરના સ્થાને હવે શક્તિસિંહને ગુજરાત કોંગ્રેસની કમાન સોંપવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષની રેસમાં શક્તિસિંહ ગોહિલ, ઉપરાંત અર્જૂન મોઢવાડીયા, શૈલેષ પરમાર, તુષાર ચૌધરીના નામ પણ ચર્ચાઈ રહ્યા હતા. આ ઉપરાંત દીપક બાબરીયા અગાઉ મધ્યપ્રદેશના પ્રભારી રહી ચૂક્યા છે, તેમનુ નામ પણ ચર્ચામાં હતું. રેસમાં રહેલા તમામ અગ્રણી નેતાઓએ



દિલ્હીમાં ધામા નાખ્યા હતા, જો કે આખરે કોંગ્રેસ હાઈકમાન્ડે શક્તિસિંહ ગોહિલના નામ પર પસંદગી ઉતારી છે.ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવા પ્રદેશ અધ્યક્ષને લઈને ચર્ચાઓ કર્ણાટક ચૂંટણીના પરિણામો બાદ તરત જ શરુ થઈ ગઈ હતી. આ દરમિયાન હવે ગુજરાત કોંગ્રેસના નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા. જ્યાં આ અગ્રણી નેતાઓ નવા પ્રદેશ અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા માટે થઈને પોતાના અભિપ્રાય રજુ કર્યા. અર્જુન મોઢવાડીયા, શક્તિસિંહ ગોહિલ, શૈલેષ પરમાર, દિપક બાબરીયા, તુષાર ચૌધરી સહિતના નેતાઓ દિલ્લી પહોંચ્યા હતા. જ્યાં તેઓએ નવા પ્રદેશ અધ્યક્ષને લઈ પોતાના મત રજૂ કર્યો હતો. ગુજરાતમાં ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મોટી જીત મેળવી હતી. કોંગ્રેસના ફાળે માત્ર ૧૭ બેઠકો જ આવી હતી. આમ આવી સ્થિતીમાં લોકસભા પહેલા કોંગ્રેસ પણ હવે પોતાની સ્થિતિને ઠીક કરવા માટે પ્રયાસો શરુ કર્યા છે. જે માટે પ્રદેશ કોંગ્રેસના માળખામાં મોટા ફેરફાર કરવાના સંકેતો પહેલાથી જ મળી રહ્યા હતા.

### જાગૃત મહિલા અગ્રણી ઈન્દુમતીબેન પરમારની રજુઆત

## લીલીયામોટા પંથકમાં દેશીદારૂનાં દુષણનાં કારણે યુવાધન બરબાદીનાં માર્ગે ચડી ગયું

**મામલતદારને પત્ર પાઠવીને દારૂનું દુષણ બંધ કરાવવા માંગ**

લીલીયા મોટા, તા.૯
લીલીયા તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ તથા સામાજિક ન્યાય સમિતીનાં ચેરમેન તરીકે ફરજ બજાવેલ છે. તથા સામાજિક પ્રવૃતિઓ ચલાવીએ છીએ લોકોમાં સામાજીક ન્યાય તથા સરકારની વિવિધ યોજનાકીય માહિતીઓ પુરી પાડવા તથા સમાજમાં રહેલ વ્યસનોના દુષણને દુર કરી જાગૃતતા લાવવા જેવી કામગીરી કરીએ છીએ. એવા સંજોગોમાં છેલ્લા બે વર્ષથી અમારા ધ્યાને અવાર–નવાર દારૂનાં દુષણની રજુઆતો આવે છે. જે અંગે અમોએ સામાજિક આગેવાનોની સાથે મળીને વાસ્તવિકતા જાણવા માટે જે જગ્યાઓ પરથી રજુઆતો આવેલી તે તે જગ્યાઓ પર જઈને ખરાઈ કરતા અમો તથા અમોની સાથે રહેલ આગેવાનોનાં ધ્યાને જે વાસ્તવિકતા આવેલ તે હૃદય દ્રાવક અને ભયંકર છે. આજ લીલીયા શહેર તથા તાલુકામાં આ દારૂનાં વ્યસનોનાં કારણે યુવાનો માયકાંગલા થઈ રહયા છે. અને ભયંકર રોગોથી પીડાય રહયા છે. માત્ર એકલા લીલીયામાં પછાત વર્ગો વાળા વિસ્તારોમાં જેવા કે સાઈનાથ પાટા પાછળનો વિસ્તાર, મફત પ્લોટ વિસ્તાર વિગેરે જેવા વિસ્તારોમાં દર વર્ષે સરેરાશ આશરે

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અધ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.
નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
સાચુ શિક્ષણ હંમેશા પ્રકૃતિમાં રહેવાથી પ્રાપ્ત થાય છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

## ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ સુંદર દેખાવ કર્યો

# બાબરાનાં વી.એલ. ગેલાણી વિદ્યાભવનનું શ્રેષ્ઠ પરિણામ

**શાળા પરિવાર દ્વારા આતશબાજી કરીને વિદ્યાર્થીઓનાં પરિણામની ઉજવણી કરવામાં આવી**

**ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિદ્યાર્થીનીઓએ કેન્દ્રમાં બીજો ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ**

**વિદ્યાભવનનું ધો. ૧૦નું ૮૪.૮૪ ટકા અને ધો. ૧૨નું ૯૧.૧૨ ટકા પરિણામ આવ્યું**

**સંસ્થાનાં પ્રમુખ કાળુભાઈ ગેલાણીએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા**

બાબરા, તા. ૯

બાબરામાં જીવનપરા વિસ્તારમાં વર્ષોથી કાર્યરત ખાનગી શાળા વી.એલ. ગેલાણી વિદ્યાભવનનું ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ઉત્કૃષ્ટ પરિણામ આવતા શાળા પરિવાર, વિધાર્થીઓ તેમજ વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. શાળાનું સુંદર પરિણામ લાવવા બદલ આકરી મહેનત કરનાર તમામ વિધાર્થીઓ તેમજ શિક્ષકોને ગેલાણી વિદ્યાભવનના પ્રમુખ કાળુભાઈ ગેલાણી દ્વારા શુભકામનાઓ પાઠવી હતી.

વી.એલ. ગેલાણી વિદ્યાભવનના ધોરણ ૧૦માં ૯૦ પ્લસ પીઆર સાથે ૧૦ વિદ્યાર્થીઓ તેમજ શાળામાં ૯૯.૧૩ પીઆર મેળવી ચાવડા દ્રષ્ટિ શાળા પ્રથમ આવી.

ધોરણ ૧૨ સામન્ય પ્રવાહમાં ૯૦ પ્લસ પીઆર સાથે ૧૧ વિદ્યાર્થી આવ્યા. ૯૯.૫૩ સાથે કરકર જાનવી અને ઠેસિયા પ્રિન્સી બાબરા કેન્દ્રમાં બીજા ક્રમે આવતા શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨માં સુંદર પરિણામ આવતા શાળા પરિવારના કાળુભાઈ ગેલાણી, ઈલાબેન મારકણા સહિતના ટ્રસ્ટીઓ અને આચાર્ય દ્વારા ખુશી વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા.

---

### પોલીસ અધિક્ષકની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## રાજુલાનાં હિંડોરણા ગામે ગેરકાયદેસર રીતે ગેસ રીફીલીંગ કરનાર ઈસમો સામે કાર્યવાહી

**રૂપિયા ૩.૮૪ લાખનાં મુદ્દામાલ સાથે ૧ની અટકાયત**

અમરેલી, તા. ૯

રાજુલા વિસ્તારમાંથી ચોકકસ બાતમીના આધારે ઘરેલું તથા કોર્મશીયલ ગેસના બાટલામાં ગેસ ભરી પોતાની આજુબાજુમાં રહેતા માણસોની જીંદગી જોખમાય તેવું બેદરકારી ભર્યુ કૃત્ય કરનાર ઈસમોને કુલ રૂા. ૩,૮૪,૫૫૦ના મુદામાલ સાથે રાજુલા પોલીસે ઝડપી લીધેલ છે.



રાજુલાના હિંડોરણા ગામે કાવેરી વોટર પ્લાન્ટની સામે લખમણભાઈ જીવાભાઈ વાવડીયાની પોતાની રહેણાંક જગ્યામાં લખમણભાઈ વાવડીયા તથા અશોકભાઈ મારવાડી બન્ને ગેરકાયદેસર ગેસના બાટલાઓ પોતાની જગ્યામાં રાખી ગેસ રીફીલીંગનો ધંધો કરે છે. જે ચોકકસ બાતમી આધારે રેઈડ કરી અલગ અલગ કંપનીના રાંધણ ગેસના તથા કોર્મશીયલ ઉપયોગ માટેના ખાલી બાટલા તથા ગેસ ભરેલા બાટલા નંગ–૫૩ તથા ઈલેકટ્રીક મોટરહેડ પંપ, ઈલેકટ્રીક વજનકાંટો, અલગ–અલગ કંપનીના પ્લાસ્ટીકના સીલ તથા અલગ અલગ કંપનીના વાહન–૨ વિગેરે મળી કુલ રૂા. ૩,૮૪,૫૫૦નો મુદામાલ કબ્જે કરી રાજુલા પોલીસ સ્ટેશન મુજબ ગુન્હો રજી કરી સુભાષભાઈ રૂપરામ બીસ્નોઈ રહે. હિંડોરણા મુળ રાજસ્થાનવાળા ઈસમને ધોરણસર અટક કરી તથા લખમણભાઈ જીવાભાઈ વાવડીયા તથા અશોકભાઈ મારવાડી રહે. હિંડોરણા (તા. રાજુલા)ની શોધખોળ આદરી આગળની તપાસ પોલીસ સબબ ઈન્સપેકટર એ.એમ. રાધનપરા ચલાવી રહેલ છે.

આ કામગીરી રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરની સુચના અને માર્ગદર્શન નીચે સર્વેલન્સ સ્કોડના હેડ. કોન્સ. ભરતભાઈ મુહાભાઈ વાળા, ભીખુભાઈ સોમાતભાઈ ચોવટીયા, હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ, જયેન્દ્રભાઈ સુરગભાઈ બસીયા, હિંડોરણા બીટ ઈન્ચાર્જ અનોપસિંહ ગગજીભાઈ સોલંકી, પોલીસ કોન્સ. રોહિતભાઈ કાળુભાઈ પરમાર, હરેશભાઈ ભાયાભાઈ વાળા, રવિરાજભાઈ બાબુભાઈ વરૂ, ધર્મેશભાઈ અશોકભાઈ ચારોલા દ્વારા કરવામાં આવેલ હતી.

---

### ખાંભા નજીક આવેલ

## નવા માલકનેશ ગામે સામાન્ય બાબતે ખેડૂતને કુહાડીની મુંઘરાટી મારી ઈજા કરી

**બીલા ઉતારવાની ના પાડતા બન્યો બનાવ**

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાનાં નવા માલકનેશ ગામે રહેતા જેરામભાઈ જસાભાઈ મકવાણા નામનાં ૪૫ વર્ષિય ખેડૂતનાં પત્નીએ તે જ ગામે રહેતા રાજુભાઈ શામજીભાઈ મકવાણાને બીલા ઉતારવાની ના પાડતા તેણીને સામાવાળાએ ગાળો આપતા આ અંગે તેણીનાં પતિ સામાવાળા રાજુભાઈ મકવાણાને ઠપકો આપવા જતાં ૩ ઈસમોએ ખેડૂતને કુહાડીની મુંઘરાટી મારી ઈજા કર્યાની ફરિયાદ ખાંભા પોલીસમાં નોંધાઈ છે.

---

## સરંભડાનાં મુંબઈ સ્થિત દાતા ઘુસાભાઈ બાજરીયાનું અવસાન થતાં શોકસભા યોજાઈ



અમરેલી, તા. ૯

સરંભડા ના રહેવાસી અને વર્ષોથી વડોદરા–મુંબઈ રહેતા ઘુસાભાઈ લાલજીભાઈ બાજરીયાનું ૯૦ વર્ષની ઉંમરે અવસાન થતાં તેમને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ શ્રી કે.કે. શાહ જનતા વિદ્યાલય સરંભડા ખાતે યોજાઈ ગયો.

જી.એલ.ના હુલામણા નામે વડોદરા તથા મુંબઈની બિલ્ડર લોબીમાં જાણીતા એવા ઘુસાભાઈ બાજરીયા તેમના મિત્ર વર્તુળ તથા બીઝનેસ વર્તુળ માં લોકપ્રિય હતા.

નિર્મળ વ્યકિતત્વ અને સાલસ સ્વભાવના ઘુસાભાઈ બાજરીયા મુક લોકસેવક અને દાતા પણ હતા. જરૂરીયાતમંદ લોકોને હંમેશા મદદરૂપ થતા. સરંભડા ગામની હાઈસ્કૂલમાં વિજ્ઞાન વિદ્યાર્થીઓ માટે સાઈન્સ લેબોરેટરી પણ તેમના માતૃશ્રીના સ્મરણાર્થે બનાવી આપેલ છે. સરંભડા ગામના વિકાસના કામમાં તેઓ હંમેશા સહભાગી બન્યા છે તેમના અવસાનથી સરંભડા ગામને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

સરંભડા ગામના લોકો દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ હાઈસ્કૂલ ખાતે ગામના આગેવાનો સર્વ દલસુખભાઈ દૂધાત, મોટાભાઈ સંવટ,મધુભાઈ દૂધાત, કુરજીભાઈ સુરાણી, કાલીપ્રસાદ જોષી, દિગંતભાઈ ઉપાધ્યાય, ધીરૂભાઈ ગઢીયા, બાલુભાઈ બાજરીયા, વિનુભાઈ બાજરીયા, ભૂપતભાઈ બાજરીયા, વિનુભાઈ દોંગા, હાઈસ્કૂલના આશીષભાઈ ભટ્ટ, રમણીકભાઈ મોલડીયા, કમલેશભાઈ ભટ્ટ, જયંતિભાઈ સોલંકી, સનતભાઈ સોલંકી, રણજીતભાઈ રાઠવા, અનિરૂધ્ધભાઈ કોટડીયા સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને શ્રધ્ધાસુમન અર્પિત કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.

---


### ગાવડકા રોડ અને લીલીયા રોડ પર ઘટના બની

## અમરેલી પંથકમાં આગની ૨ ઘટના બનતા ફાયર વિભાગ ગણતરીની મિનિટોમાં મદદે

**બન્ને સ્થળોએ ટ્રાન્સફોર્મરમાં આગની ઘટના બની**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ઉનાળાની ઋતુના કારણે દિન પ્રતિદિન ગરમીનો પારો વધી રહ્યો છે. જેને લઈ અમરેલી પંથકમાં આગ લાગવાની ઘટનાઓ પણ વધી રહી છે. જેને લઈ છેલ્લા બે દિવસ દરમિયાન અમરેલી ફાયર વિભાગમાં આવી બે ઘટના બનતા આગના બનાવોનો સામનો કરવામાં આવ્યો હતો.



આ અંગેના પ્રથમ બનાવમાં ગઈકાલ તારીખ ૮ ના રોજ અમરેલી નજીક આવેલ ગાવડકા ચોકડી પાસે ધીરૂભાઈ સીતારામના વાડીના ગેટ પાસે આવેલ પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાની ઘટના બનેલ. તેની ટેલીફોનિક જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરતા ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે ફાઈટર ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. તેમજ આજે તા. ૯ના લીલીયા રોડ પર આવેલ નાગનાથ પેટ્રોલ પંપ સામેના વીજળીના પોલ પર કોઈ કારણોસર અચાનક વાયરીંગમાં આગ લાગવાની ઘટના બનેલ. તેની ટેલીફોનિક જાણ પણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરતા ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે ફાઈટર ટીમ તુરંત બંને ઘટના સ્થળે પહોંચી અને એબીસી ટાઈપ ડ્રાય કેમિકલ પાવડરના ૬ કેજી એકસ્ટ્રીગ્યુશરનો ઉપયોગ કરી આગ પર પ્રાથમિક ધોરણે જ કાબુ મેળવી આવેલ હતો. જેને લઈ આગને વધુ વિકરાળ બનતા અટકાવી શકાયો હતો.

આ કામગીરી કરનાર ફાયર સ્ટાફના આનંદભાઈજાની, નિલેશભાઈ સાનિયા, સાગરભાઈ પુરોહિત, જયવંતસિંહ પઢિયાર, હર્ષપાલસિંહ ગઢવી, જયદીપભાઈ ઈસોટીયા, વિજયભાઈ, ધવલભાઈ, યોગેશભાઈ વિગેરે જોડાયા હતાં.

---

### પર્યાવરણપ્રેમીઓ ચિંતાનો માહોલ

## જાફરાબાદનાં દુધાળા ખાતે ૯ રાષ્ટ્રીય પક્ષી મોરનાં રહસ્યમય મોત

**વન વિભાગની ટીમ ઘટનાં સ્થળે દોડી**


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અમરેલી, તા. ૯

જાફરાબાદના દુધાળા ગામે ૯ રાષ્ટ્રીય પક્ષીના રહસ્યમય મોત થતાં વન વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ગયો હતો.

રાષ્ટ્રીય પક્ષી ગણાતાં મોરનાં થતાં પર્યાવરણ અને પક્ષી પ્રેમીઓમાં ચિંતાનો માહોલ જોવા મળેલ છે.

---

### અમરેલી શહેરમાં બન્યો બનાવ

## હનુમાનપરામાં બંધ રહેણાંક મકાનમાં ધોળે દિવસે તસ્કર ત્રાટકયા : રૂા. ૧.૫૫ લાખની ચોરી

**બપોરનાં સમયે સબંધીને ત્યાં જમવા ગયા અને બન્યો બનાવ**

અમરેલી, તા. ૯

અમરેલીનાં હનુમાનપરામાં આવેલ જશોદાનગર વિસ્તારમાં રહેતા દ્રષ્ટિબેન શિવમગીરી ગોસાઈ નામનાં પરિણીતા પોતાના સાસુ સાથે ગઈકાલે બપોરે પોતાના મકાનને તાળુ મારી પોતાના સગાને ત્યાં જમવા ગયેલા. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમે તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરમાં રહેલ સોનાનું મંગળ સુત્ર કિંમત રૂા. ૮૦ હજાર તથા રોકડ રકમ રૂા. ૭૫ હજાર મળી કુલ રૂા. ૧.૫૫ લાખનાં રોકડા તથા મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી પોલીસમાં નોંધાઈ છે.

---

### નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે આજે જેશીંગપરામાં સીટી સીવીક સેન્ટરનું લોકાર્પણ કરાશે

**શહેરીજનોને ઉપસ્થિત રહેવા ચીફ ઓફિસરનો અનુરોધ**

અમરેલી, તા. ૯

શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા અ–વર્ગની નગરપાલિકાઓમાં શહેરીજનોની સુવિદ્યાઓ માટેનું વન સ્ટોપ સેન્ટર કોન્સેપ્ટ અંતર્ગત ૨૨ નગરપાલિકાઓમાં સીવીક સેન્ટર બનાવવાનાં આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આ તમામ સીસી સીવીક સેન્ટરોનાં ઈ–લોકાર્પણ કાર્યક્રમ તા.૧૦/૬/૨૦૨૩ને શનિવારના રોજ બપોરનાં ૧૧ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં વરદ હસ્તે પાલનપુર મુકામે આયોજીત કરવામાં આવેલ છે. જે અંતર્ગત અમરેલી નગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ જે. પરા વો.વ.ખાતે બનાવવામાં આવેલ સીટી સીવીક સેન્ટર ખાતે તા.૧૦/૬/૨૦૨૩ ના રોજ સવારનાં ૧૧ કલાકે કૌશિકભાઈ વેકરીયા નાયબ મુખ્ય દંડકની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજીત કરવામાં આવેલ છ. જે કાર્યક્રમનાં શહેરીજનોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા પ્રમુખ,ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, ચીફ ઓફીસર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવા આવે છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

## બાબરાઃ રાજવીર વાળાને ધો. ૧૨માં ૯૬.૦૬ પી.આર.

બાબરા, તા. ૯

બાબરા દરબાર અને કાઠી ક્ષત્રિય સમાજનાં વડીલ અગ્રણી ભાયાભાઈ વાળાનાં પૌત્ર અને રાવતભાઈનાં પુત્ર રાજવીર વાળા અહીં આવેલ વિવેકાનંદ વિદ્યાલયમાં ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહ (કોમર્સ)માં અભ્યાસ કરતા હતા. અને વાર્ષિક પરિક્ષામાં તેમણે ૯૬.૦૬ પી.આર.મેળવી કાઠી ક્ષત્રિય સમાજ તેમજ વાળા પરિવાર અને શાળા પરિવારનું ગૌરવ વધારતા તમામ સમાજમાં અગ્રણીઓ દ્વારા તેમજ શાળા પરિવારનાં મુખ્ય ટ્રસ્ટી



ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય સમીરભાઈ દવે અને એચ.ઓ.ડી. પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી દ્વારા વિદ્યાર્થી રાજવીર વાળાને શુભેચ્છાઓ પાઠવી હતી.

---

### અનુ.જાતિનાં પરિવારોની લડત રંગ લાવી

## અમરેલી : જશંવતગઢ ગામ ૧૦૦ ચો.વારનાં પ્લોટમાં થયેલ ખોદકામની તપાસનો આદેશ

**મુખ્યમંત્રીની કચેરીમાંથી તપાસનો આદેશ**

અમરેલી, તા. ૯

માટી–ખાડા ખોદવાની મંજુરી આપેલ છે કે કેમ તેનું રેકર્ડ ચેક કરવું, રેકર્ડની નકલો લેવી, સ્થળ પર યોગ્ય, સાચું અને સત્ય પંચનામું કરવું જેવી સધન તપાસ કરવાને બદલે ખોટું બનાવટી પંચનામું કરી જવાબદારોને બચાવવા મચી પડેલ હતા. બાદમાં આ મુદે ખુબ જ હોબાળો થતા અમરેલી તાલુકા વિકાસ અધિકારીએ સ્વયં સ્થળ મુલાકાત કરી, લોકો સાથે વાત કરી અને સ્થળ પર પરિસ્થિતિ જોઈ હતી. ગ્રામ પંચાયતની પણ મુલાકાત કરી હતી. પણ કોઈ સચોટ કાર્યવાહી કરેલ ન હતી. અને ગોળગોળ જવાબો આપી છટકી જવા પ્રયત્ન કરેલ હતો. છેલ્લા એક મહિના કરતા વધુ સમય થયો આ અન્યાયકારી કૃત્ય સામે કાર્યવાહી કરવા અવિરત માંગણી કરવા છતાંય તંત્ર દાદ દેતું નથી અને કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી હોય તેવું ધ્યાનમાં આવેલ નથી.

ઉચ્ચકક્ષાના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ આદેશની તેની નીચેનાં તાબાનાં કર્મચારીઓ દ્વારા ખોટી તપાસ કરી આદેશની ધજજીયા ઉડાડવામાં કઈ બાકી રાખતા નથી. ફકત કાગળનાં ઘોડા દોડાવવામાં આવે છે. અને સઘન તપાસનો આદેશને ઘોળીને પી ગયા હોઈ તેવો ઘાટ ઘડાયો છે. તેમજ તપાસના નામે ફકત રાજકારણીઓનાં ઈશારે કામ કરવામાં આવી રહયું હોય તેવો લોકોને અહેસાસ થઈ રહયો છે. હવે જયારે મુખ્યમંત્રી ઓફિસમાંથી આદેશ છુટયો હોય ત્યારે લોકોને સાચી અને નિષ્પક્ષ કાર્યવાહી થવા અને ન્યાય મળવાની આશા જાગી છે.

## ૯ સાલ બેમિસાલની ઉજવણી ભાજપ સરકાર કરે છે ત્યારે

# અમરેલીની આમ આદમી પાર્ટીએ પ્રધાનમંત્રી પાસે ૯ પ્રશ્નનો જવાબ માંગ્યો

**એવા ૯ ગામ બતાવો જયાંના ખેડૂતોની આવક બમણી થઈ ગઈ હોય**

**દેશનાં એવા ૯ શહેરો બતાવો જે તમોએ કીધા મુજબ સ્માર્ટ બન્યા હોય**

**એવા ૯ સેકટર બતાવો કે જયાં ૯ વર્ષમાં ૧ લાખ નોકરી આપવામાં આવી હોય**

**એવા ૯ સાંસદ કે ધારાસભ્ય બતાવો કે જેઓ નોટબંધી વખતે લાઈનમાં ઉભા રહ્યા હોય**

અમરેલી, તા. ૯

એક તરફ અમરેલી સહિત સમગ્ર દેશમાં ભાજપ દ્વારા કેન્દ્રની મોદી સરકારનાં ૯ વર્ષની ઉજવણી શરૂ થઈ છે અને ભાજપ તરફથી ૯ વર્ષમાં થયેલ વિકાસ કાર્યોથી જનતાને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. તેવા જ સમયે અમરેલી લોકસભા આમ આદમી પાર્ટીનાં પ્રભારી કાંતિભાઈ સતાસીયાએ ભાજપ સરકાર અને પ્રધાનમંત્રી પાસે ૯ સરળ પ્રશ્નોનાં જવાબ માંગેલ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, વિના સૌથી મોટા પક્ષના નેતા અને આપણા વડાપ્રધાન પ્રેસ કોન્ફરન્સ કરતા નથી ! ૨૬ મે ૨૦૨૩ના રોજ, વડાપ્રધાને પોતાના શાસનના ૯ વર્ષ પૂરા કર્યા છે; ત્યારે



બિલકુલ સરળ ૯ પ્રશ્નો પૂછવા છે !

(૧) એવા ૯ રાજય જણાવો જયાં સિંચાઈ માટે મધ્યમ કક્ષાનો કે મોટો ડેમ બનેલ હોય ? દેશના એવા ૯ ગામ જણાવો જેના કિસાનોની આવક બમણી થઈ હોય ?

(૨) દેશના નવ શહેરો બતાવો જે સ્માર્ટસિટી બન્યા હોય ? સંસદ સભ્યોએ દત્તક લીધેલ હોય અને આદર્શ બનેલ હોય તેવા ૯ ગામડાંના નામ જણાવો ? એવા ૯ જિલ્લા બતાવો જયાં દરેક ઘરે શૌચાલય હોય ? એવા ૯ શહેરોના નામ આપો, જે પહેલાં કરતા વધુ સ્વચ્છ બન્યાં હોય ?

(૩) એવા ૯ સેક્ટર બતાવો જેમાં ૧ લાખ નોકરી આપવામાં આવી હોય ? એવી ૯ ખાદ્ય ચીજવસ્તુઓ જણાવો જેના ભાવ વધેલ ન હોય ?

(૪) આપના મંત્રીમંડળના ૯ મંત્રીઓના નામ જણાવો, જેમના સંતાનો સરકારી સ્કૂલમાં ભણતા હોય ? એવા ૯ રાજયોના નામ આપો જયાં પ્રથમિક શાળાઓમાં ઓરડા અને શિક્ષકો ઘટતા ન હોય ? એવા ૯ રાજયોના નામ આપો જયાં પ્રથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટર ઘટતા ન હોય ?

(૫) ૯ કિ.મી.નો એવો વિસ્તાર બતાવો જયાં ગંગા સ્વચ્છ બની હોય ?

(૬) સત્તાપક્ષના એવા ૯ સંસદસભ્ય/ધારાસભ્ય બતાવો જેઓ નોટબંધી વેળાએ કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા હોય ? એવા ૯ સતાપક્ષના સંસદસભ્ય/ધારાસભ્યના નામ જણાવો જેના પર ઈડી/આઈટની રેડ પડી હોય અને કાળું નાણું પકડાયું હોય ? સત્તાપક્ષના એવા ૯ સંસદસભ્ય/ધારાસભ્યના નામ બતાવો જેઓ દુષ્કૃત્ય/ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ હોય અને હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટના હુકમ વિના પોલીસે તાત્કાલિક એફઆઈઆર નોંધી હોય ?

(૭) આપના ૯ ભાષણ બતાવો, જેમાં ચીનને પડકાર ફેંકયો હોય ?

(૮) દેશના પૈસા લઈને વિદેશ નાસી ગયા હોય અને તેમને પરત લાવ્યા હોય તેવા ૯ ડિફોલ્ટરના નામ જણાવો ? એવી ૯ બેન્ક શાખાઓ જણાવો જયાં ખોલેલ 'જનધન'ના બધાં ખાતા ચાલુ હોય ?

(૯) એવા ૯ રાજય બતાવો, જયાં ચૂંટણી પ્રચાર દરમિયાન માત્ર વિકાસના નામે મતો માંગ્યા હોય ? એવી ૯ ચૂંટણી સભાઓ બતાવો જેમાં ૯ વખત જૂઠ્ઠું બોલ્યા ન હોય ? એવી ૯ ચૂંટણી સભાઓ બતાવો જેમાં હિન્દુ-મુસ્લિમ કર્યું ન હોય ? સત્તાપક્ષના ૯ પ્રવકતાઓ નામ આપો જેઓ જૂઠ્ઠું બોલતા ન હોય ? સત્તાપક્ષના એવા ૯ સંસદસભ્યો/ધારાસભ્યોના નામ જણાવો; જેઓ હિંસા/નફરત/સાંપ્રદાયિકતા ફેલાવવાનું કામ કરતા ન હોય ?

શું આવા સરળ પ્રશ્નોના જવાબ આપવા ન પડે તે માટે વડાપ્રધાન પ્રેસ કોન્ફરન્સથી ભડકતા હશે ? તેવો વેધક પ્રશ્ન અંતમાં ઉપસ્થિત કરેલ છે.

### વર્લ્ડ કલબફુટ-ડે નિમિત્તે

# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે વર્લ્ડ કલબફુટ અવેરનેસ કેમ્પ યોજાયો

**બાળકનાં પગનું વાંકાપણું યોગ્ય સારવારથી દુર થઈ શકે**

અમરેલી, તા.૯

અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે વર્લ્ડ કબલફુટ -ડે નિમિતે કલબફુટ શું છે. તેની સારવાર કેવી રીતે મળે તે બાબતે લોકોને માહિતગાર કરવા માટે નિષ્ણાંત ઓર્થોપેડિક ડો.પુનિત ટાંક, ડો.નિશાંત સુહાગિયા અને ડો.ભાર્ગવ પાઠક તથા કાઉન્સિલર વસંતબેન દ્વારા કબલફુટ બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

કલબફુટ એટલે નવજાત બાળકના પગનું વાંકાપણું થાય જો કબલફુટ સાથે જન્મેલ બાળકનો યોગ્ય સમયે ઈલાજ કરવામાં ન આવે તો તે કાયમી અપંગ થઈ શકે છે. સમયસર ઈલાજ કરવાથી આવા બાળકો નોર્મલ થઈ શકે છે.




શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ઘણા બાળકો ઓપરેશન વગર કલબફુટ એટલે કે વાંકાપગની સારવાર નિષ્ણાંત ડોકટરોની નિશ્રામાં લઈ રહેલ છે. સેમિનારમાં ડો.પુનિત ટાંકનાં જણાવ્યા મુજબ કલબફુટના ઈલાજ માટે બાળકના પગ પર પ્લાસ્ટર લગાવવામાં આવે છ. જે નોર્મલી ૬ થી ૮ આઠવાડિયા સુધી જરૂર મુજબ રહે છે. ત્યારબાદ ડોકટરની સલાહ મુજબ ખાસ પ્રકારનાં બુટ પણ પહેરાવવામાં આવે છે.

શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે ચેરમેન વસંતભાઈ ગજેરા તથા ડીરેકટર ડો. એકતાબેન ગજેરાની નિશ્રામાં કલબફુટની બિમારી વિરૂધ્ધ ચાલતા આ સેવાયજ્ઞમાં વધુને વધુ નવજાત બાળકોને સારવાર મળી રહે તે માટે ડોકટર ટીમ તથા મેનેજમેન્ટ વતી ભરતભાઈ ધડુક અને દિનેશભાઈ કાપડિયાએ લોકોને આ સેવાયજ્ઞમાં સહભાગી થવા અનુરોધ કરેલ છે.

# લીલીયામોટાનાં સલડી ખાતે આરોગ્ય વિભાગ દ્વારા કેમ્પ યોજાયો



લીલીયા મોટા, તા. ૯


સામુહિક આરોગ્ય કેન્દ્ર લીલીયા આરોગ્ય વિભાગનાં માર્ગદર્શન મુજબ ANC તથા જનરલ કેમ્પનું સલડી ગામ ખાતે સફળ આયોજન કરાયું જેમાં HIV & TB & HBSAG & HCV & VDRL જેવી બીમારી વિશે માહિતગાર કરેલ તેમજ ૩૫ લોકોનું તપાસ માટે સેમ્પલ લીધેલ. આ કેમ્પમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર લીલીયા સરકારી હોસ્પિટલનાં આઈસીસી સ્ટાફ, અમરેલીનાં ચેતનભાઈ અને લેબટેક રિધ્ધિબેન વડોરિયા તેમજ સબ સેન્ટરનાં સી.એચ.ઓ.કું.રંજનબેન સોલંકી દ્વારા વિવિધ બીમારીઓ વિશે માર્ગદર્શન આપ્યું તેમજ આશાવર્કર સ્ટાફ તેમજ કર્મચારી સ્ટાફ ઉપસ્થિત રહેલ.



















# વાર્તા–વૈભવ

## લિપસ્ટિક

### – ધીરૂબહેન પટેલ



ધીરૂબહેન પટેલ

**: પરિચય :**

ધીરૂબહેનનો જન્મ ૨૯ મે, ૧૯૨૬માં વડોદરામાં થયો હતો. મુળ વતન ધર્મજ માતાનું નામ ગંગાબાને પિતાનું નામ ગોરધનભાઈ હતું. પ્રાથમિક શિક્ષણ મુંબઈ, મહારાષ્ટ્રમાં લીધેલ. ૧૯૪૫માં અંગ્રેજી સાથે બી.એ. થયાને ૧૯૪૮માં એમ.એ.થયા હતા.

આ જીવન લેખિકા રહયા. મહિલા, ગુજરાતી, જારી સર્જક તરીકે નામનાં મેળવેલી. 'ભવની ભવાઈ' નવલકથા તેમની વાર્તામાંથી ફિલ્મ બનેલી અનેક ચંદ્રકો, માનસન્માન મળેલ. એ ગાંધીયુનીન મહિલા સાહિત્યુકાર ધીરૂબહેન પટેલને શત શત વંદન, એ નારીવારી પહલા ધીરૂબહેનું અવાસન તા.૧૦/૩/૨૦૨૩નાં રોજ થયેલા છે.

**લિપસ્ટિક**

નાનપણથી જ અશોક ગાંધીવાદની છાયામાં ઉછરેલો. કપડાં તો ખાદીનાં જ હોય. સવારસાંજની પ્રાર્થના વિના દિન ઉગે કે આથમે જ નહી. સ્નાન કે ભોજનનાં જેટલી જ નિયમિતતાને આગ્રહથી રેંટિયો કંતાવો જોઈએ. અસ્પૃશ્યતાનિવારણ અને પ્રૌઢશિક્ષણમાં ફાળો ન આપે તે સાચો હિંદી જ ન કહેવાય, ગામડાનો ઉદ્ધાર અને સ્વદેશીની ભાવનાં શ્વાસોચ્છવાસ જેટલી જ સ્વાભાવિક હોવી જોઈએ. સત્ય અને અહિંસાનાં પાયા પર જીવન રચાવું જોઈએ – એ બધી માન્યતાઓ એટલી દૃઢતાથી એના મનમાં ઘર કરી ગયેલી કે એનું આખું વ્યકિતત્વ જ એક નિરાળી ઢબે ઘડાઈ ગયું હતું. તેથી જ જયારે અદ્યતન વેશભૂષામાં સજજ પૌલોમીને તેણે પહેલવહેલી જોઈ ત્યારે એનું મન અણગમમાથી ભરાઈ ગયું. પૌલોમીનાં અવનવી ઢબે ઓળેલા અને ફુલોથી સજાવેલા વાળ તો કદાચ તે ભુલી શકે, પણ પેલા એના દેહને વીંટી વળતાં સરસ મજાનાં રંગબેરંગી વસ્ત્રોનું શું? એ કુમાશ સ્વદેશી કાપડની કદી ન હોય એટલું તો ખાદીધારી અશોકને પણ સમજાતું હતું. એના હાથમાં ઝુલતી બેગ, પગનાં સેન્ડલ અને આંખોને ઢાંકી દેતાં ગોગલ્સ પોકારી પોકારીને કહેતાં હતા કે પૌલોમી દેશનાં અંગે પર વળગેલી જળો જેવા શ્રીમંત વર્ગની પ્રતિનિધિ છે. વળી ઈશ્વરે તેને આવું સુંદર મુખ આપ્યું હતું છતાં તે તેને બરાબર પસંદ ન પડયું હોય એમ તેણે પાઉડર, રૂજ અને લિપસ્ટિકનો છુટે હાથે ઉપયોગ કર્યો હતો, એ જોઈને તો અશોકને ઘડીભર એમ જ થઈ ગયું કે 'માફ કરજો, હમણાં અમારા વર્ગોને કોઈ શિક્ષકની જરૂર નથી.'' એમ કહીને આ શ્રીમતીને બારોબાર વિદાય કરી દઉં. પણ સ્વયંસેવકની તાલીમ પામેલું તેનું મન એ કેમ કબુલ કરી શકે? પ્રૌઢશિક્ષણ વર્ગનાં સંચાલકને મળવા પૌલોમી આવી હતી અને સંચાલક તો અંદર બેઠા હતા. કચવાતે મને તેણે પૌલોમીને અંદર મોકલી અને થોડી વાર પછી જયારે તે બહાર આવી ત્યારે જાણી જોઈને કામમાં એવું તો માથું નાખી દીધુ કે તેના વિદાય લેતા સ્મિતને જવાબ ન વાળ વામાં કશી અસભ્યતા ન દેખાય, અને સંચાલકે જયારે તેને સમાચાર આપ્યા કે હવેથી પૌલોમી તેનાં જ કેન્દ્રમાં સ્ત્રીઓના વર્ગ લેવા આવશે ત્યારે તેને ઘણી જ ચીડ ચડી, તેણે સંચાલકને ઘણુંય સમજાવ્યું કે આ ધનિક લોકોને મન સામાજિક કામ એ બે ઘડીની રમત છે. એમને હાથે કંઈ સારૂં કામ થવાની આશા રાખીએ એ એક જાતની મુર્ખાઈ છે. પણ સંચાલક ન માન્યા. આખરે કંટાળીને તેણે કહયું, 'તમને નથી લાગતું કે આ... આ.... આવી બહેનો ઉલટાની ખોટી અસર પાડશે.?'' ત્યારે સંચાલકે જે દોઢેક કલાકનું ભાષણ આપ્યુ તે સાંભળતા અશોકને પણ કબૂલ કરવું પડયું એ ધનિક વર્ગમાંથી જો કાર્યકરો મળે તો લેવા જોઈએ, એટલું જ નહી, પણ તેમને સાચવી રાખવા જોઈએ.

અને એટલે જ તેણે રોજ નિયમિત સમયે આવી કુશળતાપુર્વક પોતાનું કામ કરી જતી પૌલોમી સામે કોઈ જાતનો ખુલ્લો વિરોધ દર્શાવ્યો નહી. બાકી તેના મનનો અણગમો તો ચાલુ જ હતો. આવી ફેશનવાળી સ્ત્રી નિઃસ્વાર્થભાવે સામાજિક કામ કરવા તૈયાર થાય એ જ તેને ગળે ઉતરતું નહોતુ. તેને પોતાને નવાઈ લાગે એટલી ચીવટ અને ચોકસાઈથી પૌલોમીનું કામ તપાસીને ને તેની ભુલો શોધવા મથતો, પણ નાઈલાજે કબુલ કરવું પડતું કે તેનું કામ ઘણું જ સરસ થતું હતું. વાર્ષિક પરીક્ષામાં પણ પૌલોમીનાં વર્ગ બહુ સારી સફળતા મેળવી. એટલુ જ નહી, પણ પોતે વર્ષોથી જહેમત છતાં નહોતાો મેળવી શકયો. એટલી લોકપ્રિયતા આ નવી શિક્ષિકાએ એક વર્ષમાં મેળવી હતી. એ જોતાં તો અશોકનું મન એટલું ખાટુ થઈ ગયેલું કે વારંવાર ''મારે તો નિષ્કામ કર્મ કરવું છે. ફળની આસકિત મને ન હોય'' એમ યાદ કરવા છતાં જરાક દુઃખ લાગ્યા વિના ન રહયું. અને પૌલોમી ! એ તો જરાય સુધરી નહોતી. એનો શણગાર તો દિવસે દિવસે સુંદર, આકર્ષક અને અકળ ાવનારો બનતો જતો હતો. અને નફટાઈનીયે કંઈ હદ હોય છે ? કોઈક વાર વર્ગમાં વધારે વાર થશે એમ લાગે તો નિરાંતે પેલી લટકાળી હેન્ડબેગ ખોલીને અંદરથી ભાતભાતની શીશીઓ, ડાબલીઓ અને ખોખા કાઢીને તે પોતાનું મોં ઠીકઠાક કરવા બેસી જતી. અને કુતુહલવશ વિદ્યાર્થીનીઓ આસપાસ ટોળે મળે તો જરાય સંકોચ નહીં પામતાં પેલી પેલી બધી ચીજોનું નામ ને ઉપયોગ સમજાવતી. આવી ધીટ બાઈને તે શું કહેવું ? અશોક તો એના ઉપર ગુસ્સે બળી રહેતો, પણ એની વિરૂદ્ધ મુકી શકાય એવી એકે ભુલ એને હાથે થતી જ નહી. પછી અશોક કરે પણ શું ? આસપાસ થતાં પૌલોમીનાં વખાણ તે મુંગે મોંએ સાંભળી લેતો અને મનમાં ગોખતો.

વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ !
શુનિ ચૈવ શપાકે ચ પાણ્ડિતાઃ સમદ્રર્શિત : !!

પણ સૌને સરખાં લેખવાની એની આ પંડિતાઈ લાંબો વખત ચાલી નહી. એક દિવસ પૌલોમીનાં વર્ગની એક–બે હરિજન બાળાઓને જયારે પાઉડર અને લાલી લગાડેલી તેણે જોઈ ત્યારે એના પુણ્યપ્રકોપે માઝા મુકી. જોસભેર તે પૌલોમી પાસે ગયો અને કહયું : ''આ તમારૂં ઝેર હવે આ કુમળી બાળાઓ સુધી વ્યાપી ગયું છે. તમારે કરવું છે શું તે તો કહો ? મારા કર્યા – કારવ્યા પર પાણી ફેરવવું છે ?

વિસ્ફારિત નયને પૌલોમી અશોક સામે જોઈ રહી. તેના પેલા રાતા હોઠ આશ્ચર્ય દર્શાવતા બોલી ઉઠયા. 'મારૂ ઝેર ? હોઠ કરડતા અશોકે જવાબ આપ્યો, 'માફ કરજો, મારાથી ઉશ્કેરાટમાં બોલી જવાયું – પણ વાત એમ છે કે ા.. આ.. તમારી રીતભાત અહીનાં વાતાવરણને અનુકુળ નથી.''

''મારી રીતભાતમાં તમને શો વાંધો દેખાયો?''

અકળાઈને અશોકે કહયું : 'રીતભાત એટલે કે – આ બધાં રંગોગાન– આ વિલાયતી કપડા– આ ચેનચાળા તમને લોકોને શોભે – શોભતા હશે પણ અમને એ કેટલા ત્રાસદાયક લાગે છે. એનો વિચાર કર્યો છે. કોઈ દિવસ? અને અમારી વાત તો ઠીક, પણ આ કુમળી બાળાઓ આગળ કેટલો ખોટો દાખલો બેસે છે. ? આજ રામી અને ધની પાઉડર લગાડીને આવી છે. કાલો આખો વર્ગ લગાડશે.''

''પણ એમાં ખોટું શું ? 'બોલતી પૌલોમીને અશોક જોઈ જ રહયો. આવી આટલી સાદી બાબત પણ આને નહી સમજાતી હોય? કે પછી તે જાણી જોઈને નહી સમજવાનો ડોળ કરતી હશે ? 'તમને નહી સમાય.'' કહી અશોક પાછો ફર્યો, પણ સ્ફૂર્તિપુર્વક દોડીને પૌલોમી બાજુમાં આવીને ઉભી.

''પણ મને સમજાવો ને !''

કહયુ ને નહી સમજાય ! ખિજવાઈને અશોકે જવાબ દીધો. એ સાંભળતા જ પૌલોમીની આંખોમાં પાણી ભરાઈ આવ્યા. સુંગધી રૂમાલથી મો લુછતી. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# કવિતાની અમરવેલી : અમરેલી

– પ્રણવ પંડયા



| કવિ હંસ | લાલજીભાઈ કાનપરિયા | અશરફ ડબાવાલા | અરવિંદ ભટ્ટ | પ્રણવ પંડયા |
|---|---|---|---|---|

મૂર્ધન્ય સાંહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીએ એક સાહિત્યિક સમારંભમાં કહેલું : 'અમરેલી ગુજરાતી કવિતાની રાજધાની છે.' પોતાનાં તાટસ્થ્ય માટે જાણીતાં અને જલદી કે અકારણ રીજી ન જનારા આ દિગ્ગજ સર્જક આવું વિધાન કરે તે કોઈપણ નગરને માટે ગૌરવરૂપ જ ગણાય. દાયકા પુર્વે કરેલુ એમનું આ વિધાન સાર્થક ઠરે એવી કાવ્યચેતનાઓ આજે પણ અમરેલી શહેરમાં રૂવસે છે. શાશ્વત પાણીકાપ સહેનારા અને સદાયે નપાણિયા તરીકે ઓળખાતા આ શહેરમાં કવિતાનાં પાણીદાર મોતીઓ મળે છે. એ ઘટના આ શહેર માટે કેટલી આશ્વાસનરૂપ થઈ પડે !

પહેલાની અમરવલ્લરી અને અત્યારની અમરેલી. કહોને અ–મરેલી. જે કયારેય મરતી નથી. તે સદાયે જીવંત, તેની ઉગમણે રાજવી કવિ કલાપીનું લાઠી અને આથમણે રાષ્ટ્રીય શાયર મેઘાણીનું બગસરા. સ્વાભાવિક છે. કે અમરેલીમાં ઉગતો દરેક સુરજ કલાપીની રમણિયતાનું અજવાળુ લઈને ઉગે છે. તો આ શહેરની દરેક સાંજ મેઘાણીનાં ગીતોની સંધ્યાનાં કસુબલ રંગોની સાક્ષી બને છે. અમરેલી પંથકની માટી ભોજાભગતની સંતવાણી, કીવ કાગની લોકવાણી, કલાપીની સ્નેહવાણી, મેઘાણીની તળવાણી અને રમેશ પારેખની બળકટ વાણીથી સિંચાઈને સમૃદ્ધ બની છે. પરંતુ આજે અહી માત્ર અમરેલી શહેરને પોતીકું ગણી વસનાર અને શબ્દને સેવનાર કાવ્યકર્મીઓને યાદ કરવા છે અને એ નિમિતે આ શહેરનાં સાહિત્યિક લખાયેલ ગઝલ સ્વરૂપના વિકાસ સંદર્ભે પણ ધ્યાન ખેંચે તેવી છે.

''કયાં સુધી સામ્રાજય સત્તા ? ચંદરોજ, કયાં સુધી એની મહત્તા ? ચંદરોજ શું જીવે હથિયાર ને બંદુક પર, એ સહુ હથિયાર તારા ચંદરોજ !''

કવિ હંસના નિધન બાદ

## ભાતીગળ સૌરાષ્ટ્ર

પ્રદાનને વંદન કરવા છે.


અમરેલીના કવિતા આકાશ તરફ નજર કરીએ તો સૌ પ્રથમ ધ્યાનમાં આવે કીવ હંસ, મુળ નામ તો હંસરાજ હરખજી કાનાબાર. બાળ પણમાં જ આંખ ગુમાવી તો પહેરી કવિતાની પાંખ, એમની બળુકી કીવતાએ અમરેલીની પ્રજાને અંગ્રેજો સામેની ચળવળમાં ચેતનવંતા કર્યા. 'પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળા ઉતર્યા. એ ગીત તો અમરેલીમાં જ નહી ગુજરાતભરમાં ગાજયુ અને અંગ્રેજોની મુશ્કેલીઓ વધી. હંસરાજને કારાવાસની સજા થઈ, પણ કવિતાનાં હંસને પુરી શકે એવું પાંજરૂ તો સદીઓ પુર્વે પ્લેટોને ય ન્હોતું જડયું ! જેલમાં જઈ અને રચેલી એમની આ કવિતા આઝાદી માટેનાં લખાયેલા કાવ્યોમાં સ્થાન પામી શકે. પણ રમલ છંદમાં વર્ષો પછી તેમનાં નિવાસસ્થાન વાળી શેરીને 'કવિ શ્રી હંસ માર્ગ' એવુ નામાભિધાન કરવાનો ઉત્તમ વિચાર એક સુજ્ઞ નાગરિકને થયો. નગરપાલિકામાં જઈ, ઝઘડો કરીને કવિ 'હંસ'ને કાયમી યાદ રાખવાનો આવો શ્રેષ્ઠ વિચાર જેને આવ્યો એ સુજ્ઞ નાગરિક બીજું કોઈ નીહ, પણ છ અક્ષરનું નામ – રમેશ પારેખ. અમરેલી જો કવિતાની રાજધાની છે. તો એનો ચક્રવર્તી રાજવી નિઃશંકપણે રમેશ પારેખ છે. ગુજરાતી કવિતાને ખરા અર્થમાં આધુનિક અને લોકપ્રિય બનાવનાર આ કવિ અમરેલી શહેરનું ઘરેણું છે. ખરૂં કહીએ તો રમેશ પારેખ અમરેલી શહેરનાં સંચિત પુણ્યનું ફળ છે. અમરેલીને ર.પા.એ કવિતાનાં સિંહાસને બેસાડી

**(ક્રમશઃ)**

**બાલ મિત્રો,**

આપણાં શાસ્ત્રોમાં 'સ્વાધ્યાયનું ખુબ મહત્વ છે. પહેલાનાં વખતમાં ગુરૂકુળો હતો. તેમાં બાળક પાંચ વર્ષ જતો એ ૨૫ વર્ષ ભણીગણી પરત ફરતો. ત્યારે ગુરૂજી તેમને શીખ આપતાં માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ, સ્વાધ્યાયમાં પ્રમાદ કરીશ નહિ. પ્રમાદ એટલે આળસ, સ્વાધ્યાય એટલે વાંચન, વાંચેલું યાદ કરવું અને સ્વાધ્યાય કહે છે. અને તેમાં આળસ – પ્રમાદ કરીશ નહિ. આળસ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે. એક પંકિત છે.''જો સોવત હૈ વો ખોવત હૈ, જો જાગત હૈ વો પાવત હૈ. જે સુવે છ. એટલે કે આવશ કરે છે, પ્રમાદ કરે છે. તેને જીવનમાં કશું જ મળતું નથી. અને જે જીવનમાં સતત જાગૃત રહે છે. સતર્ક રહે છે. તે હંમેશા ફળ મેળવે છે.

માટે બાલમિત્રો, અત્યારે તમારે ખોવાને નાર, મેળ વવાનો સમય છે. સમય છે. અને જો મેળવું હશે તો સતત મહેનત, પુરૂષાર્થ, સ્વાધ્યાય કરતા રહેવું પડશે. સમજી ગયા ?



# પંખીને પાંખો મળી

## વેકેશનમાં મજા પડી – પ્રકાશ ડી. કુબાવત

માધવ આજ બહુ ખુશ હતો. તેના મન ઉપરનો બોજ સાવ ઉતરી ગયો હતો. હવે તેને મોટું વેકેશન હતું. દસમાં ધોરણની બોર્ડની પરિક્ષા આપી તે હવે શાંતિ અનુભવી રહયો હતો.

માધવનાં પપ્પા પિનાકભાઈ બહુ હોશિયાર હતા. તે માધવની દિનચર્યાનું અવલોકન કરતા. એક અઠવાડિયાથી વેકેશન પડયુ હતું. ત્યારથી માધવ આખો દિવસ ટી.વી.જ જોયા કરે. સવારે જયારે ઉઠે ત્યારથી રાત્રીનાં અગીયાર વાગ્યા સુધી બસ ટી.વી. જ જોયા કરે.

આજે પિનાકભાઈએ માધવને કહયું, ''હું આજે બેંકમાં જાઉ છું. મારે કામ છે. તું પણ મારી સાથે ચાલ તને પણ બેંકનાં વ્યવહાર શીખવા મળશે.'' માધવ ટી.વી. જોવાનું પડતું મુકીને માંડ–માંડ બેંકમાં જવા તૈયાર થયો.



પિનાકભાઈએ બેંકમાંથી પૈસા ઉપાડયા. મેનેજર મનુસાહેબ પિનાકભાઈને જાણતા હતા. પિનાકભાઈએ કહયું કે, હું આજે મારા પુત્ર માધવને બેંકમાં કામથી પરિચિત થાય તે માટે લાવ્યો છું.

**(ક્રમશઃ)**

# હસવાની મનાઇ છે...

(૧) જીવનનો સૌથી અઘરો પ્રસંગ એટલે ચા રબાબીમાં રડીયા પછી છિંક આવી

(૨) પતિઃ પત્નીને આજે તો જમવામાં કંઈક એવું બનાવજે કે આ ઉનાળાની ગરમીમાં ગરમી ગાયબ થઈ જાય.
તો પત્ની એ ઘણું વિચારયું પછી તેણે 'નવરત્ન તેલ' નાં ભજીયા બનાવી દીધા.



(૩) પતિ પાણીમાં માથું નાખીને બેઠો હતો.
પત્ની : આ શું કરો છો ?
પતિ : આજ કાલમાં મગજ નથી ચાલતું નથી.
તો ચેક કરૂં છું. પંચર તો નથી ને

(૪) પત્ની બોલતાં બોલતા આપણા લગ્નને ૩૦ વર્ષ પુરી થઈ ગયા ખબર પણ ન પડી.
પતિ બોનતાં ખોલતા તારે ૩૦ વર્ષ થઈ ગયા મારે તો સાંભળતા સાંભળતા જ થયા છે...?!




(૫) પત્ની : સવાર પડી ગયી,
ઉઠો ફટાફટ હું ભાખરી કરૂં છું.
પતી : હું કયાં તાવડી ઉપર સુંતો છે.
તુ ભાખરી કરને.



(૬) ડોકટર : ૩ દાંત કેમ તુટી ગયા ?
પેશન્ટ : પત્નીએ બનાવેલી સુખડી ખાધી હતી.
ડોકટર : તો ના પાડી દેવાય ને
પેશન્ટ : તો ૩ર એ ૩ર તુટી જાય ?

(૭)અમેરિકા વાળા : તમે ઈલેકટ્રીક વાયર આટલાં ઉચે કેમ રાખો છો ?
ભારતવાળા : અમારી બૈહાઓ તેના ઉપર કપડા ન સુકવે ને એટલા માટે ?



(૮)પતિ આ આલુ પરાઠામાં કયાંય
આલુ તો દેખાતા નથી,
પત્ની : ચુપચાપ ખાઈ લો.
''કાશ્મીરી પુલાવમાં કયાંય કશ્મીર દેખાય છે ?''

**– ભદ્રેશ્વશ પ્રિન્સ, ધો.૮ રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.**

# રાજદ્રોહનો પહેલો મુકદમો

## સ્વરાજય મારો જન્મસિધ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક




**તિલકની ધરપકડ**

રાત્રે તિલક પોતાના મિત્ર શ્રી ખરેના ઘેર રોકાયા હતા. ખરેનું મકાન ગિરગાંવમાં હતુ. બંને સાથે ભોજન કરી રહયા હતા કે એક યુરોપિયન પોલિસ ઓફિસર આવી પહોંચ્યો. એણે તિલકને ધરપકડનું વોરન્ટ બતાવ્યું. સિપાઈઓએ ચારે તરફથી ઘરને ઘેરી લીધું હતુ. પરંતુ તિલક સાહજિક ઢબે હસતા હતા. એમના ચહેરા પર ચિંતાની એક લકીર નહોતી.

એમને હવાલાતમાં બંધ કરી દેવાયા હતા. એક કલાક પછી ખરે જયારે પોતાના મિત્રને મળવા ત્યાં પહોંચ્યા, તો એમના આશ્ચર્ય વચ્ચે દેશનો આ સજગ પ્રહરી અંધારી કોઠરીમાં ઘેરી નીંદર તાણતો હતો.

તિલક પર રાજદ્રોહનો આરોપ મુકાયો. દેશમાં ત્યાં સુધી રાજકીય જાગૃતિ ફેલાઈ નહોતી. આ આરોપી એ વખતે ખુબ ગંભીર માનવામાં આવ્યો, એટલે સુધી કે મુંબઈના વકીલોમાંથી કોઈ એમનો મુકદમો લડવા તૈયાર ના થયું. એમનો મુકદમો લડવા કલકતાથી બેરિસ્ટર આવ્યા. ચીફ પ્રેસીડેન્ટસી મેજિસ્ટ્રેટને ત્યાં તિલકને જામીન પર છોડવા ત્રણ વાર અરજી કરવામાં આવી. પરંતુ ત્રણે વાર એ નામંજુર થઈ. ચોરી વાર ન્યાયમૂર્તિ બદરૂદીન તૈયબજી સામે અરજી મુકાઈ. એમણે જામીન મંજુર કર્યો.



તિલકને ૫૦ હજાર રૂપિયાની જમાનત તથા ૨૫–૨૫ હજાર રૂપિયાના બે નકદ જામીનખત પણ છોડવવામાં આવ્યા. જામીનના રૂપિયા દ્વારકાદાસ ધરમશીએ જમા કરાવ્યા. તિલકના બચાવ માટે બધે જ રૂપિયા એકઠા કરવાની કામગીરી શરૂ થઈ ગઈ હતી. થોડા જ સમયમાં ૫૦ હજાર રૂપિયા કરતા વધુ રકમ જમા થઈ ગઈ. મુંબઈ અદાલતમાં ૮ સપ્ટેમ્બર તિલકના મુકદમાની સુનાવણી શરૂ થઈ.

ધારા ૧૨૪–એ હેઠળ તિલકને ગિરફતાર કરવામાં આવ્યા હતા. એમના પર એક આરોપ હતો કે એમણે સરકાર વિરૂધ્ધ ઉતેજના અને ઘૃણા ફેલાવી હતી. આ અપરાધ માટે આજીવન કાળા પાણી અથવા ત્રણ વર્ષના કારાવાસ સાથે દંડ ફટકારી શકાય તેમ હતું. અંગ્રેજ સરકાર તિલકને એમના લેખોના આધારે રાજદ્રોહી સાબિત કરવા મકકમ હતી.

તિલકે 'કેસરી'માં એક લેખ 'વીર–પૂજા'માં લખ્યું હતુ.''યુરોપિયન લોકો દાંતે, શેકસપીઅર, ગેટે તથા અન્ય કવિઓની કૃતિ બદલ ગૌરવ અનુભવ કરે છે. એમના પ્રતિ શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં નથી ચુકતા. શું આપણે કાલીદાસ, ભવભૂતિ, મોરો પંત, તુકારામ તથા અન્ય સંસ્કૃત અને મરાઠીના કવિઓ પર ગર્વ કરવો ના જોઇએ ?

તિલકે પોતાના બયાનમાં જણાવ્યું હતું, ''હું આજે પણ એજ કહું છુ કે લખે રાજ દ્રોહાત્મક નહોતા અને ના તો એ રાજદ્રોહના આશયથી લખાયા હતા. ના એનાથી રાજદ્રોહ જેવી કોઇ વાત પેદા થઇ શકતી હતી.''

જજ અને જયુરી મરાડી ભાષા જાણતા ન હતા. છંતા તિલકના મરાઠી લેખો પર તેઓએ તિલકને ૧૮ મહિનાના કઠોર રાવાસનો દંડ ફટકાર્યો.

તિલકની સજાના સમાચાર રાષ્ટ્રીય વજ્રઘાતની જેમ ફેલાયા. ચારે બાજુ બેચેની પથરાઈ અને ખળભળ ટ મચી ગયો. મુંબઈ શહેરનો દશેરાનો ઉત્સવ ફીકો પડી ગયો. શોભાયાત્રા ના નીકળી. શોકમાં દિવાળી ના ઉજવાઈ. કોંગ્રેસ અધિવેશનનના ૧૮૯૭ ના અધ્યક્ષ શંકરન નાયરે એને ''ન્યાયની હત્યા' કહી.

'કેસરી' અને 'મરાઠા'ના કર્મચારીઓએ તિલક–રક્ષા કોશ માટે અપીલ કરી. જનતાએ ખુલ્લા હાથે ફાળો આપ્યો. બંગાળમાં સુરેન્દ્રનાથ બેનર્જી, શિશુકુમાર ઘોષ વગેરે ફાળો એકઠો કરતા હતા. થોડા સમયમાં જ આ કોષમાં ૫૩ હજાર રૂપિયા ભેગા થઈ ગયા.

તિકલ જેલમાં હતા. એમને છોડાવવા માટે જનતા આંદોલન કરી રહી હતી. ભારત–સચિવ અને વાઈસરોય તથા મુંબઈના ગવર્નરને એમને છોડવા તાર મોકલાયા, ચીમનલાલા સેતલવાડ પણ ગવર્નરને મળ્યા. પરંતુ ગવર્નર ટસના મસ ના થયા.

# ફેફસામાં કેન્સર




**બાળ મિત્રો,**

**નશો એટલે શું ? તમે જાણો છો. એની વાત મારે તમને કહેવાની ન હોય , આવા તમારી જેવડા બાળકો નશો કરતાં તમાકું ખાતા થઈ ગયા છે. ને મોટા થતા પુરેપુરા નશાની લતે ચડી જાય છે. ને આખરે બરબાદી વહોરી લે છે.**

**એટલા માટે આ લેખ શરૂ થઈ રહયો છે. ધ્યાનથી વાંચજો ને વંચાવજો નશો એટલે બરબાદી**

રોયલ કોલેજનો રીપોર્ટ કહે છે કે તમાકુને ફેફસાંની બીમારી થાય છે, ખાસ કરીને કેન્સર. ફેફસાંની બીમારીનાં લીધે આપણાં દેશમાં મોટા પ્રમાણમાં મૃત્યુ થાય છે.

તેથી વધારે પડતા મૃત્યુને રોકવા બીડી ન પીવી એ સૌથી સુંદર ઈલાજ છે. આવી બીમારીઓ ડોકટરને પણ ચેલેન્જ કરે છે.

એમાં કોઈ શક નથી કે ફેફસાંના કેન્સર માટે તમાકુ એ મુખ્ય કારણ છે. તે ઉપરાંત જૂની ઉધરસ પણ બીડી પીવાને લીધે જ થાય છે.

મોટી ઉંમરમાં આ ઉધરસના પરિણામે મોટા પ્રમાણમાં મૃત્યુ નીપજે છે અને તંદુરસ્તી ગુમાવાય છે, જેથી એવા લોકોની જિંદગી દુઃખી બની જાય છે.

દમ અને હાંફ આ ઉધરસનું મૂળ છે, જેના લીધે માણસો ખૂબ હેરાન થાય છે અને મુશ્કેલીમાં મુકાય છે. ક્ષયના રોગી માટે તો બીડી ઘણી જ નુકસાનકર્તા છે.

તેથી કરીને ક્ષય વાળા દર્દીઓને તો કદી બીડી પીવી જોઈએ નહિ. ટી.બી. વાળા દર્દી દવાથી સાજા થાય છે. પરંતુ તમાકુ–બીડી પીવાનું ચાલું રાખવાથી તેમનાં ફેફસાં એટલાં બધા નબળાં થઈ જાય છે કે તેમને ફેફસાનું કેન્સર થવાનો સતત ભય રહે છે.

# વિચારશક્તિ તેના નિયમો ને પ્રેરક બળો

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**(૧) વિચારોથી પ્રાપ્ત થતું આનંદદાયક આરોગ્ય**

મન એ સૌથી અંદરથી ઈન્દ્રિય છે. અથવા શરીરને મનની જોડી છે. એમ કહીએ તો પણ ચાલે, મન એ સૂક્ષ્મ અદ્રશ્ય અંશ છે, તો શરીર એ સ્થૂલ દ્રશ્ય ભાગ છે. જો આપણને દાંત, જઠર કે કાનમાં દુઃખ થાય તો તરત જ મન પર તેની અસર થશ. તે પોતાની વિચાર કરવાની શકિત ગુમાવી બેસશે. તે ઉશ્કેરાય જશે યા તદ્દન વિહ્વળ બની જશે.

મનમાં નિરાશા હોય તો શરીર પણ પોતાનું કાર્ય બરાબર કરી શકે નહિ. શરીરને જે દુઃખ સહન કરવાં પડે છે. તે રોગ કે વ્યાધિ તરીકે ઓળખાય છે, જયારે મનને સતાવતી વાસનાઓ મુળ દુઃખ કે આધિ તરીકે ઓળખાય છે.

શારિરિક તંદુરસ્તી કરતા માનસિક તંદુરસ્તી વધારે વધારે અગત્યની છે. જો મન તંદુરસ્ત હશે તો શરીર જરૂર તંદુરસ્ત રહેવાનું જ, જો મન તેના વિચારો શુદ્ધ ને પવિત્ર હશે તો તમે આધિ, વ્યાધિ બંનેથી મુકત રહી શકશો.'તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મન રહેશે.'

**(૨) વિચારથી ખીલતું વ્યકિતત્વ :**

ઉન્નત વિચાર મનને પણ ઉન્નત બનાવે છે ને હ્રદયને ઉદાર બનાવે છે. હલકો વિચાર મનને ઉશ્કેરી મુકે છે. અને લાગણીને કલુષિત, બુદ્ધી ને કલંકિત કરે છે.

જેઓને પોતાનાં વિચારો તેમ જ વાણી ઉપર થોડો ઘણો પણ સંયમ હોય તેઓનો ચહેરો શાંત, ગંભીર, સુંદરને આકર્ષક બને છે. વાણી મધુર હોય છે ને આંખો તેજસ્વી પ્રકાશિત હોય છે.

**(૩) વિચારો શરીર પર અસર કરે છે.**

દરેક વિચાર સંકલ્પ કે લાગણી શરીરનાં દરેક કોષમાં તીવ્ર ધ્રુજારી ઉત્પન્ન કરે છે અને તેના ઉપર સ્પષ્ટ છાપ પાડે છે.

જો તમારા ઉપર અસર કરતા વિચારથી વિરોધી વિચાર ઉત્પન્ન કરવાની કળા તમને આવડતી હોય તો જ તમે સુખ, શાંતિને શકિતમય આનંદી જીવન ગાળી શકો પ્રેમનો વિચાર તિરસ્કારના વિચારોનો નાશ કરશે. હિંમતનો વિચાર ભયનાં વિચાર સામે તત્કાળ શાંતિને રાહત આપશે.

**(૪) સંકલ્પશકિત ભાગ્યને પણ પલટાવે છે.**

મનુષ્ય સંકલ્પને વાવે છે. અને કાર્યરૂપી ફળ લણે છે, તે કાર્યને વાવે છે ને ટેવરૂપી પાક મેળવે છે. તે ટેવ કેળવે છે ને તેમાંથી ચારિત્ર ઘડે છે. તે ચારિત્ર પાકું બનાવી તેમાંથી પોતાનું ભાગ્ય ઘડે છે.

મનુષ્ય પોતાનાં વિચાર ને કાર્યોથી પોતાનાં નસીબનો વિધાતા બને છે તે પોતાનાં ભાગ્યને પલટાવી શકે. એમાં જરા પણ શંકા નથી કે મનુષ્ય જ પોતાનાં ભાગ્યને માટે જવાબદાર છે. યોગ્ય વિચારને પ્રબળ પુરૂષાર્થથી તે પોતાનો ભાગ્ય વિધાતા બની શકે છે.

કેટલાક અજ્ઞાનીઓ કહે છે, 'ભાગ્ય જ બધું કરે છે. મારાં કર્મમાં જેમ લખ્યું હશે તેમ થશે, તો મારે શા માટે પ્રયાસ કરવો જોઈએ ? ભાગ્યને કોઈ ફેરવી શકે નહિ.''

આ નર્યા નિરાશાવાદ છે. આથી પ્રમાદ, આળસ, દીર્ઘસૂત્રતાને દુઃખ જ ઉત્પન્ન થવાનાં. કર્મનાં નિયમો સંબંધી આ સંપુર્ણ અજ્ઞાન બતાવે છે. આ દલીલ દોષભરેલી છે. બુદ્ધિશાળી માણસ કદી આવો પ્રશ્ન કરે જ નહિ. તમારા વિચારને કાર્યોથી તમે જ તમારૂં ભાગ્ય ઘડી રહયા છો.

કયું કાર્ય પસંદ કરવું ને કયું ન કરવું તે બાબતની તમારામાં સ્વતંત્ર ઈચ્છા રહેલી છે. કર્મ કરવામાં સ્વાતંત્ર્ય હોવાથી દુષ્ટ એ કાયમને માટે દુષ્ટ નથી. દુષ્ટને સંતની સંગતમાં રાખો તો તે થોડા સમયમાં સુધરી જશે. તેનાં વિચારને કાર્યમાં પલટો આવશે. આથી તેનું ભાગ્ય પણ બદલી જશે. તેનું ચારિત્ર પણ બદલાઈને તે સંત બની જશે.

રત્નાકર લુંટારો બદલાઈને તેમાંથી વાલ્મીકિ ૠષિ બન્યા. જગાઈને માધાઈનું પણ પરિવર્તન થઈ ગયું. તે બધા પહેલા નંબરનાં ખલ હતા. તમે પણ યોગી કે જ્ઞાની થઈ શકો અને તમારૂં ભાગ્ય ફેરવી શકો. તમારી ઈચ્છાનુસાર તમારાં કર્મમાં પણ ફેરફાર કરી શકો. તમારી સંકલ્પશકિતને કેળવો.

યોગ્ય દિશામાં સુંદરને સારા જ વિચાર કરો. તમારે તો ફકત વિચાર કરવાનો છે ને તે પ્રમાણે વર્તવાનું છે. સારા વિચારથી, સારી ઈચ્છાથી, સારાં કર્મથી તમે યોગી કે લક્ષાધિપતિ થઈ શકો. સારા વિચારને કર્મથી તમે ઈન્દ્ર કે બ્રહ્મા પણ થઈ શકો. મનુષ્ય નિરાધાર પ્રાણી નથી. તેનામાં સ્વતંત્ર ઈચ્છા રહેલી છે.

# બાળકૃષ્ણ અને બાળરામ



## શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

બન્નેમાં આસમાન જમીનનો તફાવત છે. કૃષ્ણ તો જાણે કે કયારેય પુખ્ત થયા જ ન હોય એમ આજીવન અગંભીર રહ્યા અને રામને તો બાળપણ પણ પ્રશાંત નદીના વહેતા પ્રવાહ જેવું અનુભવાયું હશે એમ ભારતીય પ્રજા માને છે.


ભારત વર્ષના મનમાં કૃષ્ણનું બાળપણ અને રામન યુવાની સદાય માટે આલેખાઈ ગયા છે. કૃષ્ણના શૈશવમાં રહેલાં તોફાનોને સહન કરવાની સમજણ, લાગણી, સહાનુભૂતિ અને ક્ષમતા આપી છે. જો આપણી પુરાણકથાઓમાં કૃષ્ણની બાળલીલાઓનું આટલું સુંદર અદ્‌ભૂત અને મનોહર ચિત્રણ ન કરવામાં આવ્યું હોત તો કદાચ ભારતીય વાલીઓ પોતાના ભોળા શિશુઓ પ્રત્યે વધારે આકરા નીવડયા હોત. કૃષ્ણ એક એવું નામ છે જેનું સ્મરણ થતાં વેંત તેનું બાળસ્વરૂપ જ નજર સામે આવે છે.

લોકગીતોમાં સંસ્કૃતિમાં અને ઉત્સવોમાં બાળકનૈયો એટલે કે બાલકૃષ્ણ ચોતરફ છવાયેલો છે. સમગ્ર વૈષ્ણવ સંપ્રદાય તો પરમતત્વના આ બાલસ્વરૂપની જ આરાધના કરે છે. તુલસીદાસે પણ રામચરિત માનસમાં રામના અનેક સ્વરૂપોની ગાથા વર્ણવ્યા પછી આખરે તો એમ જ કહ્યું કે 'ઈષ્ટદેવ મમ બાલક રામા.'

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

(૧૧) ભકિતનો કાળ અને ભોગનો કાળ એવો ભેદભાવ રાખે તે ભકિત કરી શકતો નથી.

(૧૨) સદા સાવધાન રહો કે માયા સાથે સંબંધ ન થાય.

(૧૩) ઈશ્વરનું સ્મરણ છોડશો નહી. સલાહ એક ઈશ્વરની લેવી.

(૧૪) જીવ જે જે ક્રિયા કરે તે ઈશ્વરને માટે કરે તો તેની પ્રત્યેક ક્રિયા ભકિત બને છે.

(૧૫) વંદન એકલા શરીરથી નહિ પણ મનથી પણ કરો. વંદન પ્રભુને બંધનમાં રાખે છે.

(૧૬) દુઃખમાં સાથ આપે તે ઈશ્વર, સુખમાં સાથ આપે તે જીવ.

(૧૭) ઘર બહાર નીકળો ત્યારે ઠાકોરજીને વંદન કરીને નીકળજો.

(૧૮) ઈશ્વર જયોર સાથે હોય ત્યારે વિષયો ચઢી બેસતા નથી.

(૧૯) પ્રત્યેક કાર્યનાં આરંભમાં પ્રભુને વંદન કરો.

(૨૦) વાંચે અને વિચારે એના કરતા જીવનમાં ઉતારે તે શ્રેષ્ઠ છે.

# જ્ઞાનમંજરી

**આપણું ગુજરાત**



(૧૧) ગુજરાતનાં વર્તમાન રાજયપાલ કોણ છે ?
– ડો.કમલા બેનીવાલ
(તા.૨૭/૧૧/૨૦૦૯ આજ સુધી)

(૧૨) ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી કોણ છે ?
– શ્રી નરેન્દ્ર મોદી
(તા.૭/૧૦/૨૦૦૧ આજ સુધી)

(૧૩) ગુજરાતનું વિસ્તારની દ્રષ્ટિએ ક્ષેત્રફળ કેટલું છે ?
– ૧.૯૬.૦૨૪ ચો.કિ.મી.

(૧૪) ગુજરાતમાં હાલ કુલ વસ્તી કેટલી છે ?
– ૬.૦૩.૮૩.૬૨૮ (વસ્તીની ગીચતાઃ ૩૦૮)
(પ્રતી ચોરસ કિમી)

(૧૫) વસ્તી પ્રમાણે ભારતનાં રાજયોમાં ગુજરાતનો ક્રમ કેટલામો છે ? – દસમો

(૧૬) ગુજરાતમાં શહેરી વસ્તી કુલ કેટલા ટકા છે ? – ૪૨.૬ ટકા

(૧૭) ગુજરાતમાં ગ્રામીણ વસ્તી કુલ કેટલા ટકા છે ? – ૫૭.૪ ટકા

(૧૮) સૌથી વધુ સાક્ષરતા ધરાવતા જિલ્લા કયાં છે ?
– અમદાવાદ અને સુરત (૮૬.૬૫ ટકા)

(૧૯) સૌથી ઓછી સાક્ષરતા ધરાવતા જિલ્લા કયાં છે ?
– દાહોદ (૬૦.૬૦ ટકા)

(૨૦) સૌથી વધુ વસ્તીગીચતા ધરાવતો જિલ્લો કયો છે ?
– કચ્છ (૦૪૬)

# નિબંધ : દિવાળીનો તહેવાર



દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છે : વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ, અને ભાઈ બીજ, વાઘ બારસને દેવું ચુકવાનો દિન પણ કહે છે. તે દિવસે આપણે કોઈ પાસેથી કોઈ ઉધાર વસ્તુ લીધી હોય તો તે ચુકવી દેવું સારૂ, પછી ધનતેરસ આવે છે. ધનતેરસનાં દિવસે ધન એટલે કે લક્ષ્મીની પુજા કરવાની હોય છે. તેને લક્ષ્મી પુજન કહેવાય છે. ત્યારબાદ કાળી ચૌદમાં દિવસે શ્રીકૃષ્ણ નરકા સુરનામનાં રાક્ષસનો વધ કર્યો હતો. તેની ખુશીમાં લોકો દીપમાળા પ્રગટાવે છે. કાળી ચૌદસના દિવસે કાળી માતાનું પુજન હોય છે. પછી દીવાળીનો દિવસ વર્ષનો છેલ્લો દિવસ છે.

સમાજનાં બધા લોકો દિવાળીનો તહેવાર ધામધુમથી ઉજવે છે. સ્ત્રીઓ ઘરનાં આંગણામાં ઘી – તેલનાં દીવા પ્રગટાવે છે. લોકો મિષ્ટાન્ન આરોગીને, નવાં વસ્ત્રો પહેરીને અને ફયફડાં ફોડીને આનંદ અને ઉલ્લાસથી દિવાળી ઉજવે છે.

આપણાને કોઈ સાથે મનદુઃખ થયું હોય તો તે ભુલી જઈને તેને નવા વર્ષ શુભેચ્છાઓ પાઠવીએ છીએ, દિવાળીનો તહેવાર 'માફ કરો અને ભુલી જાઓ' ની ભાવનાં વીકસાવે છે. તે અંતરનાં અંધકાર દુર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનો તહેવાર છે. અમે દિવાળને દિવા પ્રગતાવાનો તહેવાર કહીઓ છીએ.

નવા વર્ષોનાં બીજે દિવસે ભાઈ બીજ હોય છે. ભાઈબીજનાં દિવસે બહેન પોતાનાં ભાઈને પોતાનાં ઘરે જમવા આવવાનું, આમંત્રણ આપે છે. ભાઈ પણ બહેનનું આમંત્રણ રાજી ખુસુથી સ્વીકારી બહેન માટે ભેટ લઈ તેનાં ઘરે જમવા જાય છે.

આમ દિવાળીનો તહેવાર છ દિવસ સુધી લોકો ખુશ રાજી ખુશીથી પોતાનાં પરિવાર સાથે ઉજવે છે.

**શૈલેષભાઈ બહુમતારીયા, ધો.પ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.**

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


### કોઈ લૌટા દે મુઝે બીતે હૂએ દિન...!

આકરા ઉનાળાનાં ભયંકર બફારા પછી રાત ઢળી હોય, શાંત ગામડાનાં આકાશમાં મીઠો ચાંદો ઉગ્યો હોય, વાળુ કરીને ઘરની બહારના મોટ્ટા ફળિયામાં લીમડા નીચે હળુહળુ વાયરામાં દાદીમાં બેઠા હોય, પરી અને રાજકુમારની કે વીર વિક્રમની વાર્તા વહેતી હોય, છોકરાઓની મુગ્ધ આંખોમાં સ્વપ્નીલ કુતુહલ અંજાયું હોય...

– ઈવડા ઈ છોકરાઓ ભા'ગશાળી કે ટી.વી.–ટયૂશનમાં લગભગ અધમૂવા થઈ જતા શહેરનાં છોકરા ? શહેરીકરણનો સૌથી મોટો ભોગ 'બચપણ' બન્યું છે.

# રાણી લક્ષ્મીબાઈ

– શશિ શર્મા



**ભાગ– ૨૨**

રાણી લક્ષ્મીબાઈએ લગભગ દસ મહિના સુધી અંગ્રેજો તરફથી ઝાંસી રાજયનું વ્યવસ્થાપન કર્યુ. આ દરમિયાન રાણીએ મોટી સંખ્યામાં સેના એકઠી કરી લીધી હતી.

થોડા સમયમાં જ એમણે ઝાંસીનો એટલો સારો રાજવહીવટ કર્યો કે સમસ્ત પ્રજા સુખી અને સંતુષ્ટ થઇ ગઇ. રાજા ગંગાધર રાવના સમયની રોનક પુનઃ એકવાર ઝાંસીમાં પાછી ફરી.

શાસનકાર્યમાં રાણી વ્યસ્ત રહેવા લાગ્યા. પ્રાતઃકાળમાં પાંચ વાગ્યે ઉઠીને સ્નાન કાર્ય પછી તેઓ ભગવાનની પૂજા કરતા, ત્યારબાદ સરદાર અને જરૂરમંદ લોકો રાણીને મળવા કરતા. એક દિવસ જો કોઇ સરદાર ના આવે તો રાણી તરત જ એને પૂછતાં : ''કાલે આપ કયાં હતા ?'' એ પછી એ કચેરીમાં જતા અને સાંજ સુધી રાજય–વહીવટના કાર્યો અને ન્યાયનાં કામકાજ જાતે જ કરતાં.

રાણી પુરુષોની જેમ જ શાસન ચલાવતા. એમનુ વસ્ત્રપરિધાન પણ પુરૂષો જેવું. માથા પર એક ચમકદાર લાલ રેશમની ટોપી પહેરતા, જેની આસપાસ મોતીઓની સેર અને જર–ઝવેરાત જડેલા હતા. ઓછામાં ઓછા એક લાખ રૂપિયાના હીરાની માળા એમના ગળામાં હંમેશા રહેતી. કમર પર જરીનો પટ્ટો બાંધતા, જેમાં સુંદર નકશીદાર અને ચાંદીથી મઢેલી બે પિસ્તોલ રહેતી હતી.

સાડીને બદલે એ ઢીલો પાયજામો પહેરતા. આ પ્રકારના પોશાકમાં એમને જોઇને કોઇ યુવા પુરુષનો ભ્રમ થતો હતો. એમના ગળામાં મોતીની એક માળા અને આંગળીમાં હીરાની વીંટી રહેતી. આ સિવાય તેઓ કોઇ આભૂષણ પહેરતા નહીં.

રાણીને ધર્મમાં ઘણી શ્રધ્ધા હતી. તે હંમેશા મહાલક્ષ્મીના મંદિરમાં કયારેક પાલખીમાં તો કયારેક ઘોડા પર સવાર થઇને જતા. માર્ગમાં ગરીબ–ગુરબા મળે તે સૌને કંઇને કંઇ દક્ષિતા આપી ખુશ કરતાં. એમની ઉદારતા અને દાન વિશે ઘણી વાતો પ્રચલિત છે. એક દિવસ રાણી મહાલક્ષ્મીના દર્શન કરી દક્ષિણ દરવાજેથી પરત આવી રહયા હતા. ત્યારે હજારોની સંખ્યામાં ભિક્ષુકો રસ્તામાં ઉભા રહી શોર મચાવવા લાગ્યા. રાણીએ દીવાન લક્ષ્મણ રાવને પૂછયુ, ''આ શોર શાનો છે ?'' લક્ષ્મણ રાવે જવાબ આપ્યો, '' આ બધા ભિખારી છે. આજકાલ ઠંડીના દિવસો છે.

કપડા વિના એ લોકોને ભારે તકલીફ થઈ રહી છે. તેથી તેઓ ઇચ્છે કે આપ એમને કીશક મદદ કરો.'' આ સાંભળીને રાણીના મનમાં દયા ઉપજી. એમણે તરત આજ્ઞા કરની કે શહેરના તમામ ભિક્ષુકોને ભરપેટ જમાડવા, અને તે ઉપરાંત દરેકને રજાઇ, ટોપી અને ધાબળો પણ આપવા.

# નિબંધ : નરેન્દ્ર મોદી



ભારતવાસીઓનાં પ્રિય અને લોકલાડીલા એવા વર્તમાન સમયનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૦ માં મહેસાણા જિલ્લાનાં વડનગરમાં થયો હતો. તેમની માતાનું નામ હીરાબહેન અને પિતાનું નામ દામોદર દાસ મુળચંદ ભાઈ મોદી હતું તેઓ કોઈપણ નિર્ણય લેતા પહેલા પોતાનાં માતાનાં આશિર્વાદ લેતાનું ભુલતા નથી.

નરેન્દ્ર મોદી બાળ પણથી જ આર.એસ.એસ. ના સભ્ય હતાં. તેમનાં લગ્ન નાની વયે થયા હતા. પરંતુ માત્ર ૧૭ વર્ષની વર્યે ગૃહ ત્યાગ કરી હિમાલયમાં શ્રી રામ કૃષ્ણ પરહંસનાં બેલુર મઠમાં રહયાં હતાં.

પ્રાથમિક શિક્ષણ વડનગરમાં પ્રાપ્ત કર્યુ હતું. ત્યાર બાદ તેમણે ગુજરાત યુનિવસિર્ટી માંથી રાજકીય વિજ્ઞાનમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી હતી. નરેન્દ્ર મોદીને રાજકારણ વિષયમાં પહેલેથી જ રસ ધરાવતાં હતાં. તેમને લખવાનો પણ શોખ હતો.

તેમણે અનેક પુસ્તકો લખ્યા છે. તેમને એક સારા વકતાં તરીકે જોવામાં આવે છે. ઈ.સ.૧૯૮૭ થી તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા રાજકારણમાં તેમની સફર વધી. ઈ.સ. ૨૦૦૧ માં શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતનાં મુખ્યમંત્રી બન્યા. ગુજરાતમાં તેમણે અનેક વિકાસ યોજનાઓ હાથ ધરી અને તેમાં સફળતાં મેળવી ગુજરાતનાં વિકાસની કર્યા આ સંઘર્ષોનાં પરિણામ રૂપે શ્રી નરેન્દ્ર મોદી ૨૬ મે ૨૦૧૪ ના રોજ પ્રધાનમંત્રી બન્યા. તેઓ સ્વતંત્ર ભારતનાં ૧૫ માં પ્રધાનમંત્રી બન્યા. નરેન્દ્રભાઈ મોદી સબકા સાથ સબકા વિકાસમાં વિશ્વાસ રાખે છે.

નરેન્દ્ર મોદી ભારતનાં પ્રધાનમંત્રી બન્યા પછી ભારતનાં વિકાસનાં દરવાજા ખુલી ગયા. શ્રી નરેન્દ્ર મોદી માત્ર ભારતવાસીઓનાં જે નહિ. વિશ્વનાં લોકોનાં પ્રિય નેતા બની ગયા.

સ્વામી વિવેકાનંદનો તેમનાં જીવન પર ખુબ પ્રભાગ રહયો છે. નરેન્દ્ર મોદી એક પ્રખર વકતા છે. અને તેમનાં હાજર જવાબો પણા માટે જાણીતા છે. તેમણે જોક ઈન ઈન્ડિયા, પ્રધાનમંત્રી જન ધન યોજના, બેટી બચાવો, બેટી પઢાઓ ઉજવલ યોજના જેવી અનેક યોજનાઓ હાથ ધરી જેમનો લાભ લાખો લોકોને મળ્યો છે.


નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચાર, કાળા નાણા નકલી ચલણી નોટોને ના થવા નરેન્દ્ર મોદીએ ૯ નવેમ્બર, ૨૦૧૬માં ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટ પરત ખેંચી તેઓ, 'સર્જિકલ સ્ટ્રાઈક' માટે ખુબ જાણીતા થયા. તે ત્રાસવાદને ના થવા માંગે છે.

**દાફડા જેવિન પ્રવિણભાઈ**
**(ધો.૮ રૂપાયતન પ્રા.શાળા, શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનકેતન પ્રાથમિક શાળા)**


# આ મારું ચિત્ર છે




માંડોરા શિવમ મનોજભાઈ
(ધો.૮–અ, રૂપાયતન સ્કુલ, અમરેલી.)



મકવાણા જય પી.
–




ચાવડા પ્રતિક્ષા
(ધો.૫–બ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



રાઠોડ પાર્થ
(ધોરણ–૭–બ, રૂપાયતન સ્કૂલ, અમરેલી)

# સાવરકુંડલામાં નાયબ દંડક કૌશિક વેકરિયાની ફટકાબાજી



આઈ.પી. એલ.ની ક્રિકેટ મેચો બાદ ક્રિકેટની મૌસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે વિધાનસભાના ફ્લોર પર ફટકાબાજી કરતા વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયાએ રાજકારણ સાથે ક્રિકેટમાં પણ પારંગત સાબિત થયા હોય તેમ સાવરકુંડલા ખાતે રમાતી નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બેટથી ફટકાવાળી કરીને હરીફ ટીમોના હાજા ગગડાવી નાખે તેમ ચારે તરફ ચોક્કા–છક્કાની રમઝટ કૌશિક વેકરીયાએ કરીને ઉપસ્થિત ક્રિકેટના દર્શકોના દિલ જીતી લીધા હતા. સાવરકુંડલાના કે.કે. હાઈસ્કૂલના મેદાનમાં છેલ્લા ૨૦ દિવસથી કોમી એકતાના ભાવથી રમાતી એકતા કપ ટુર્નામેન્ટમાં આજે વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા મેચ રમવા પધાર્યા હતા ને ભાજપ–કોંગ્રેસ અને પત્રકાર મિત્રો સાથે સામાજિક આગેવાનો વચ્ચે મૈત્રી મેચનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રથમ બેટીંગમાં આવેલા કૌશિક વેકરીયા ઓપનિંગ બેટસમેન તરીકે ઉતર્યા હતા ને સામા છેડે જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ શરદ પંડયા રમત રમવા ઊતર્યા હતા. ત્યારે બોલિંગનો ભાર શહેર ભાજપ પ્રમુખ પ્રવિણ સાવજે સંભાળ્યો હતો ને પ્રથમ ઓવરથી જ બેટ વડે કૌશલ્ય સાબિત કરતા કૌશિક વેકરીયાએ કે.કે. હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં ચારે તરફ ચોક્કાવાળી કરી પ્રેક્ષકો ખુશખુશાલ થઈ ગયા હતા. મૈત્રી મેચમાં પણ કૌશિક વેકરીયાએ વટ પાડી દીધી હતો ને રાજકારણમાં સફળ સાબિત થયેલા કૌશિક વેકરીયા ક્રિકેટના મેદાનમાં પણ શૂરવીર સાબિત થયેલા હતા. એકતા કપ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજકો ફઝલબાપુ કાદરી, નૌશાદ કાદરી, રમીઝ મલેક, મહેબૂબ કાદરી, ઈરફાન કુરેશી સહિતના આયોજકો એ કૌશિક વેકરીયાનું અદકેરૂં સન્માન કર્યુ હતું ને કેન્દ્રીય મંત્રીથી લઈને વિધાનસભાના નાયબ દંડક સહિતના નેતાઓએ ક્રિકેટ મેચનો લહાવો લીધો હોય. તેમાં ચાવીરૂપ ભૂમિકા પત્રકાર ફારૂક કાદરી અને આયાજકોની સુંદર જહેમતને આભારી હતું.

### મોંઘીદાટ વીજળી છતાં સુવિધા મળતી નથી

## જાફરાબાદમાં અવાર–નવાર પાવર કાપથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા

### અવાર–નવાર ડીમ–ફુલ થતા વીજ ઉપકરણોને નુકસાન

જાફરાબાદ,તા. ૯

જાફરાબાદ પીજીવીસીએલ રાતના સમયે ગમે ત્યારે પાવર બંધ કરીને હાલના આ કાળઝાળ ઉનાળાના સમયમાં બપોરના સમયે પાવર કાપ મૂકી લોકોને હેરાન પરેશાન કરવામાં આવે છે. હાલ જાફરાબાદના સામાકાંઠામાં રાત્રિના ચાર વાગ્યાના સમયેથી લાઈટ જતી રહી હતી ફરી ૬, વાગ્યે લાઈટ આવી હતી ફરી પાછી સવારના ૮, વાગ્યે પાવર કાપ મૂકવામાં આવ્યો હતો ત્યારે બપોર ના ૧૨, વાગ્યેના સમયે લાઈટ આવી હતી પરંતુ જાફરાબાદના સામાકાંઠા વિસ્તારના બાલકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં ૧, વાગ્યેના સમયેથી લાઈટ ન આવતા પીજીવીસીએલ ગ્રાહક કોલ સેન્ટરમાં ફોન કરતાં ફોન સતત એંગેજ બતાવતા નાયબ કાર્યપાલકને ફોન સમય ૧.૪૯ મીનીટે ફોન કરેલ તેઓને બાલકૃષ્ણ સોસાયટીમાં લાઈટ ના હોય તેવું જણાવેલ તેઓ દ્વારા જવાબ આપેલો કે હમણાં જોવડાવી લેમશુ બપોરની કાળ જાળ ગરમી વચ્ચે પાવર કાપથી નાના બાળકો અસંખ્ય ગરમીથી હેરાન પરેશાન થતાં હોય એવા સમયેથી પાવર બપોરના એક વાગ્યે થી ૪, વાગ્યે પીજીવીસીએલ રીપેરીંગની કામગીરી કરવામાં આવી ફોન કરવા છતાં આટલી કલાક પછી કામગીરી કરવામાં આવતી હોય તો શું ગ્રાહકોને આ કાળજાળ ગરમી થતાં હેરાન પરેશાન થતાં ગ્રાહકોની પીજીવીસીએલના સત્તાધીશોને પડી નથી શું ? ઈરાદાપૂર્વક કરાતી હેરાનગતિમાં આખો દિવસ અને રાતમાં ગમે ત્યારે પાવર બંધ કરીને હાલના આ અસંખ્ય ગરમીમાં જનતાને પરેશાન કરવામાં આવે છે. તેમજ જરાપણ વાતાવરણ માં ફેરફાર થાય ત્યારે વારંવાર કોઈ પણ વિસ્તારની અંદર લાઈટ જાય છે. ત્યારે પીજીવીસીએલ દ્વારા જણાવવામાં આવે છે કે મેઈનટેનન્સ કામ ચાલુ છે. વાતાવરણમાં ફેરફાર થાય ત્યાં તરત લાઈટ બંધ કરી નાખવામાં આવે છે. અનેક કલાકો સુધી પાવર ચાલુ કરવામાં આવતો નથી બાલકૃષ્ણ સોસાયટીમાં એક દિવસમાં ત્રણ વખત લાઈટ ગુલ વીજ સ્તંભ માં અનેક સ્પાર્ક થાય છે. માત્ર વાયરો વીંટી એનો ગૂંચવણ કરી જતા રહેશે એકવાર બદલાવ્યા પછી પણ ફરી લાઈટ લોકોના ઘરોમાં લાઈટ ડીમ ફુલ થાય છે. ચાલુ બંધ થઈ છે. જેથી આ પરિણામે ઈલેકટ્રોનિક વસ્તુઓને માલસામાને નુકસાન ખરાબ થાય છે. તો આ બધી જવાબદારી કોની ? શું પીજીવીસીએલના કર્મ ચારીઓ કોઈ ચોક્કસ પણે કામગીરી કરવામાં આવતી નથી ? કે પછી માત્ર અને માત્ર પૈસા ઉઘરાવવા સિવાય ગ્રાહકોને કોઈ પણ જાતના જવાબો આપતા નથી ? લાઈટ બીલ ના ભરોતો તુરંત જ કલેકશન કાંપી નાખવામા આવે છે. જાફરાબાદની જનતાલાઈટ બીલ ભરવા માટે અસંખ્ય ગરમી વચ્ચે લાઈનમાં ઉભા રહી ગ્રાહકો બિલ ભરવા ઊભા રહે છે પરંતુ પીજીવીસીએલ જનતા ને થતી હેરાનગતિ સમયે ફોન કરવા છતાં પણ કલાકો સુધી લાઈટ રીપેરીંગ કરવામાં થતાં ઠાગાઠૈયા.


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારની યુવતીને

કરવાનું કહી યુવતીને ભોળવીને પોતાની સાથે રાંઢીયા ગામે તથા મહુવા મુકામે લઈ જઈ તેણીની ઈચ્છા વિરૂધ્ધ આરોપીએ શરીર સબંધ બાંધી અવાર નવાર દુષ્કર્મ આચરેલ હતું.

બાદમાં આ શખ્સને અન્ય છોકરી સાથે પણ આડા સબંધ હોવાની ભોગ બનનાર યુવતીને જાણ થતાં ભોગ બનનાર યુવતીએ પોતાના ઘરે જવાનું કહેતા આરોપીએ તેણીને ઘરે નહી જવા દઈ તથા તેણીનાં પિતાનાં ઘરે જવાનું કહેશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ભોગ બનનાર યુવતીને ઘરમાં ગોંધી રાખ્યાની ફરિયાદ ભોગ બનનાર યુવતીએ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ આસનાણીએ તપાસ હાથ ધરી છે.

### પાના ૧ ઉપરનું ચાલું લીલીયામોટા પંથકમાં દેશીદારૂનાં

૫–૧૦ લોકોનાં ભોગ લેવાય રહયા છે. અને આ આંકડા જોઈએ તો સારાએ તાલુકામાં થઈને દર વર્ષે ૨૦–૨૫ યુવાનો દારૂનાં દુષણના કારણે અલગ–અલગ રોગોનો ભોગ બની અને મોત ને ભેટી રહયા છે. આ દારૂનો આથો મેળવવા માટે જયારે મુકવામાં આવે ત્યારે ઓછામાં ઓછા ૧૦ દિવસ આથો આવે છે. પરંતુ અમારી જાણમાં આવ્યા મુજબ એવા ભયંકર પ્રકારનાં કેમીકલો ભેળવવામાં આવતા હોવાથી કલાક બે કલાકમાં આથો આવી જાય છે. એવા સંજોગોમાં આ પ્રકારનો દારૂ લોકોનાં શરીરમાં જાય તો સમજી શકો છો કે વ્યકિતની શું હાલત થતી હશે.

વધુમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકા અને શહેરના આ પછાત વિસ્તારમાં જો સર્વે કરવામાં આવે તો દર ૨ કે ૩ ઘરે એક વિધવા મહિલા અને પિતાની છત્રછાયા ગુમાવેલા બાળકો જોવા મળશે. ભવિષ્યમાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય અને કોઈ મોટી જાનહાની થાય તે પહેલા તેને અટકાવવો ખુબ જરૂરી છે. કારણ કે આજે લીલીયામાં મહિલાઓ તથા બાળકોની સ્થિતિ ખુબ કફોડી થઈ રહી છે. જેનાં કારણે બાળ મજદુરી પણ વકરી રહી છે. અને શિક્ષણનું સ્તર ખુબ નીચું જઈ રહયું છે.

આમ આ દારૂનાં દુષણને જો અટકાવવામાં નહી આવે તો સરકારની દેશને વિશ્વગુરૂ બનાવવાની જે નેમ છે. અને યુવાનોમાં રહેલ જોમને આગળ લાવવાની જે નીતિ છે. તે કદાપી શકય બની શકશે નહી દારૂનાં વ્યસનના કારણે યુવાનો અલગ–અલગ પ્રકારનાં રોગનાં ભોગ બનતા હોવાથી અને જીવ ગુમાવતાં હોવાથી દારૂનાં વ્યસનના કારણે મૃત્યું થયેલ છે. તેઓ ખરો આંકડો સરકાર સમક્ષ આવી શકે તેમ નથી. માટે એવી સ્પષ્ટ માંગણી અને લાગણી છે કે આ અરજી વંચાણે લઈ તાત્કાલીક અસરથી પગલાં ભરી ધીરે ધીરે કરીને ખપી રહેલ આ યુવા ધનને જીવત દાન આપશો તથા આ દારૂનાં વ્યાપારીકરણ સાથે સંકાયેલા તમામ ઈસમોને પડકી ધોરણસર કરી યોગ્ય નસીહતે કરશો. જો તાત્કાલીક પગાલા નહી ભરવામાં આવે તો ના છુટકે અમોનાં ગાંધી ચિંધ્યા રાહે કડક ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે. તેમ અંતમાં જણાવેલ છે.

### મોંઘીદાટ વીજળી આપવી ને સેવામાં ઠાગાઠૈયા

## સાવરકુંડલામાં વીજળી ગુલ થતાં ફોલ્ટ સેન્ટરનો સંપર્ક થઈ શકતો નથી

### ગામે ગામ ફોલ્ટ સેન્ટરની એકસરખી જ હાલત

સાવરકુંડલા, તા. ૯

અચાનક એ પણ વાવાઝોડાની શકયતા કે તેની અસરોની સંભાવનાઓની વાતો વચ્ચે અચાનક વહેલી પરોઢે જયારે વીજળી ગુલ થાય અને પરેશાન થઈને શહેરના નાગરિક તરીકે વીજળી કયારે આવશે અર્થાત્ વીજપુરવઠો કયારે પૂર્વવત થશે એ જાણવા તંત્ર દ્વારા જાહેર કરાયેલ નંબર દ્વારા શહેરના કોઈ પણ નાગરિક વિદ્યુત સંબંધિત જાણકારી જાણવા માંગે ત્યારે તંત્રના ફોન દ્વારા જવાબ ન મળે કે ફોન પણ ન ઉપડે અથવા તો ગોળગોળ જવાબ મળે ત્યારે આપણી વીજ વ્યવસ્થાના અવિરત પુરવઠો પુરો પાડવાના દાવા પર પ્રશ્નાર્થ ચિહન તો લાગે જ. વિદ્યુત પુરવઠો સતત અને અવિરત મળી રહે તે જોવાનું કાર્ય પણ વીજતંત્રનું જ હશે ને ?

વાત જાણે એમ છે કે, આજરોજ સવારે પાંચ આસપાસ સાવરકુંડલા શહેરના હાથસણી રોડ વિસ્તારમાં અચાનક વીજળી ગુલ થતાં સવારની મીઠી નિંદર માણતાં શહેરીજનો જેમાં નાના બાળકો, વૃદ્ધો, દર્દથી પીડાતા લોકો, યુવાનો, યુવતીઓ ગાઢ નિંદ્રામાં સુતેલા હોય અને અચાનક ઉંઘમાં ખલેલ પહોંચે એટલે સ્વાભાવિક છે કે એ વીજ પુરવઠાનો અભાવ માણતાં અસરગ્રસ્તો સલંગ્ન તંત્રને ફોન કરે એ પણ સ્વાભાવિક છે. એ સંદર્ભે આજરોજ સવારે વહેલી પરોઢે બનેલી ઘટનાનો હૂબહૂ ચિતાર પણ તંત્રની આંખ ખોલનાર શહેરના એક જાગૃત નાગરિકના શબ્દોમાં આ મુજબ છે.

આજ રોજ સાવરકુંડલા શહેરના હાથસણી રોડ પર તારીખ ૯/૬/૨૩ ના દિવસે વહેલી સવારે પોણા પાંચ વાગ્યાના આસપાસ વીજળીનો પાવર જતો રહ્યો હતો. પછી થોડો સમય રાહ જોઈ પણ પાવર આવ્યો નહિ. પછી જાહેર કરેલ સાવરકુંડલા શહેરના ફોલ્ટ નંબર પર ફોન લગાવ્યા પણ તેમાં જાહેર કરેલ લેન્ડલાઈન નંબર અને મોબાઈલ નંબર સતત વ્યસ્ત આવતા હતા. પછી સાવરકુંડલા ગ્રામ્યમાં ફોન લગાવ્યો ત્યાં લાગ્યો અને જવાબ મળ્યો કે પાચ મિનિટમાં આવી જશે. પછી અર્ધી કલાક રાહ જોઈ પરંતુ લાઈટ ના આવી..!! પછી સાવરકુંડલા શહેરના બંને નંબરમાં ફરી પ્રયત્ન કર્યા પણ ના લાગ્યા, રૂરલમાં વાત થઈ પણ ત્યાં બિચારાએ કીધું કે ભઈ મેં ઉપર વાત કરી પણ હમણાં આવી જશે તેવું કહે છે. પછી પીજીવીસીહેલ ટોલ ફ્રી નંબર પર વાત કરી અને પૂછયું તો પાવરનું કીધું કે મેજર ઈસ્યૂ નહિ હોય તો હમણાં આવી જશે..! પણ આવો જવાબ સાંભળીને મે પૂછયું કે મેજર ઈસ્યૂ છે કે નહિ એ તો અમને થોડી ખબર હોય અને સાથો સાથ અંહિના લોકલ ફોલ્ટ નંબર લાગતા નથી તેની પણ ફરિયાદ કરી અને તે લોકો પણ જવાબ દેવામાં અસમર્થ હશે. કદાચ એટલે ફોન કાપી નાખ્યો, છતાં પાવર તો નહતો જ આવ્યો. પાછું વળી થયું કે લોકલ ફોલ્ટ સેન્ટરમાં વાત કરીએ તો નસીબ સારા કે ૨૫ ટ્રાય કર્યા પછી ફોન લાગ્યો પણ જવાબ તેવો મળ્યો કે સબ સ્ટેશનમાં વાંધો છે તો નક્કી નહિ કે કયારે પાવર આવે, પછી વળી મેં પૂછી પણ લીધું કે ફોન લાગતો કેમ ન હતો ? તો કીધું કે સાવરકુંડલા અંધારપટ છે આખું. તો ફોન આવતા હોય તો વ્યસ્ત હોય, મે પૂછયું કે નંબર તો બંને વ્યસ્ત આવતા હતા તો તેને કીધું બંને સીમ એક ફોનમાં જ છે, તે કદાચ ભૂલી ગયા હસે બીજો નંબર જાહેર કરેલ છે એ લેન્ડલાઈન નંબર છે, પછી કે પૂછયું પણ ખરૂં કે લેન્ડલાઈન નંબરનું સીમ પણ તમે મોબાઈલમાં ચડાવ્યું હશે'ને ? તો તેણે પણ ફોન મૂકી દીધો.

પણ અંતે ફોન મૂકયો ને બે મિનિટમાં પાવર આવી ગયો. પણ જો ફોનમાં જવાબ આપી ના શકતા હોય અને ફોલ્ટ સોલ્વ કયારે થશે એનો અંદાજ પણ ના હોય તો કેમ આ વિભાગ ફોલ્ટ સેન્ટર ચાલુ કરીને લોકોમાં જાહેર કરતા હશે ? એ યક્ષ પ્રશ્ન મનોમંથન સમાન તો ચોક્કસ ગણાય. કોઈ મિનિસ્ટર કે ધારાસભ્ય–સંસદ સભ્ય અજાણ્યા નંબર પરથી આ વિશે ફોન લગાડી મોક ટ્રાયલ કરે તો તંત્રની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **(૧) ધારાબેન વિનોદભાઈ વાજા (૨) અમિતભાઈ પ્રતાપરાય વાઘેલા** રહે. બગસરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

"શ્રી ધરમનગર–૧" અમરેલી
રે. સર્વે.નં. ૧૪૫ પૈકી — બીનખેતી સબ પ્લોટ નં. ૧૪ & ૧૫/૨
જેના ચો.મી. ૫૭–૯૮ — બિલ્ટપ ચો.મી. ૯૭–૦૭
રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૩૩૫૭/૨૦૨૩ — રજી. તારીખ : ૦૯/૦૬/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ લીલીબેન માધાભાઈ પોકીયા પાસેથી વેચાણ રાખેલ છે. સદરહું મિલ્કતની ટાઈટલ ચેઈનમાં પ્લોટ નં. ૧૫ હેતલબેન રસીકલાલ દવેએ નાનજીભાઈ ભગવાનભાઈ બાંભરોલીયાનાં કુલમુખ્યતાર માધવજીભાઈ મનજીભાઈ દેસાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૧૭૧૬/૨૦૦૧ તા. ૨૭/૦૮/૨૦૦૧નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૦૬/૦૧/૨૦૦૦નાં રોજ આપવામાં આવેલ હતું. તેમજ આ મિલ્કતનાં પ્લોટ નં. ૧૪ હસમુખરાય હરજીવનદાસ ડણાકએ નાનજીભાઈ ભગવાનભાઈ બાંભરોલીયાનાં કુલમુખત્યાર માધવજીભાઈ મનજીભાઈ દેસાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૨૧૨૬/૧૯૯૭ તા. ૧૪/૦૮/૧૯૯૭નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૩૦/૦૯/૧૯૯૬નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૦૬/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

ઉદયન ત્રિવેદી
એડવોકેટ


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૨ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૯૦૨ | ૯૦૨ |
| ૩ | જુવાર | ૭૦૦ | ૯૩૧ |
| ૪ | તલ સફેદ | ૨૬૨૫ | ૨૬૬૧ |
| ૫ | સોયાબીન | ૯૦૧ | ૯૦૧ |
| ૬ | બાજરો | ૪૨૨ | ૪૪૫ |
| ૭ | મગફળી | ૧૩૩૫ | ૧૩૮૧ |
| ૮ | જીરૂ | ૬૦૦૦ | ૬૦૦૦ |
| ૯ | એરંડા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૧૦ | મેથી | ૧૦૬૦ | ૧૦૬૦ |



## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૨ | ધાણા | ૬૦૦ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૭૯૫ | ૯૪૯ |
| ૪ | ઘઉં લોકવન | ૪૧૫ | ૪૭૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૬૯ |
| ૬ | શીંગ ફાડા | ૧૬૦૦ | ૧૬૭૦ |
| ૭ | એરંડા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૮ | જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | સફેદ તલ | ૨૫૦૦ | ૨૭૫૦ |
| ૧૦ | મગ | ૧૦૪૫ | ૧૬૦૫ |
| ૧૧ | સોયા | ૭૨૧ | ૯૩૬ |
| ૧૨ | કાળા તલ | ૨૨૪૫ | ૨૪૯૦ |
| ૧૩ | મગફળી | ૧૦૯૩ | ૧૩૬૫ |
| ૧૪ | સફેદ ચણા | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૧૫ | મેથી | ૬૧૫ | ૧૧૩૦ |
| ૧૬ | શીંગ દાણા | ૧૭૦૫ | ૧૭૦૫ |
| ૧૭ | તુવેર | ૧૪૦૦ | ૧૮૨૬ |
| ૧૮ | રાય | ૯૦૧ | ૯૦૧ |
| ૧૯ | અડદ | ૯૦૦ | ૯૦૦ |
| ૨૦ | ડુંગળી | ૬૬ | ૬૬ |
| ૨૧ | ડુંગળીનું બી | ૫૦૧ | ૫૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૫ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૨૦૧ | ૧૨૮૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૧૨ | ૪૬૫ |
| ૪ | ચણા | ૮૩૫ | ૯૨૫ |
| ૫ | તુવેર | ૧૬૩૦ | ૧૮૫૦ |
| ૬ | ધાણા | ૯૦૫ | ૧૦૫૦ |
| ૭ | મગ | ૧૫૫૦ | ૧૭૧૪ |
| ૮ | સફેદ તલ | ૨૫૦૦ | ૨૭૨૧ |
| ૯ | સોયાબીન | ૯૨૧ | ૯૨૧ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૬૬૦ | ૧૭૨૧ |
| ૧૧ | શીંગ દાણા | ૧૯૩૫ | ૨૨૩૫ |
| ૧૨ | અજમા | ૨૦૦૦ | ૨૦૦૦ |

# ધારીનાં પ્રેમપરા પ્રાથમિકશાળા ખાતે નવા ભવનનું ભૂમિ પુજન કરતા ધારાસભ્ય જે.વી. કાકડીયા



જનતાલક્ષી નિર્ણયો માટે હંમેશા તત્પર ગુજરાત સરકાર દ્વારા ધારી તાલુકાના પ્રેમપરા પ્રાથમિક શાળા ખાતે નવા ભવનનું ખાત મુહત ધારાસભ્ય જે.વી.કાકડીયા આ તકે જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ ભૂપતભાઈ વાળા, તાલુકા પંચાયત પ્રમુખ જયશ્રીબેન અતુલભાઈ કાનાણી, તારક મહેતાના કલાકાર મયુરભાઈ વાકાણી, જિલ્લા પંચાયતના સભ્યઓ, પાર્ટીના મહામંત્રીઓ, તાલુકા પંચાયતના ચેરમેન સહિત સભ્યઓ, કિસાન મોરચાના આગેવાનો, મહિલા મોરચાના આગેવાનો, અને તાલુકા અને શહેરના ભાજપના હોદેદારો, કાર્યકર્તા સરપંચ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

### આટકોટ ખાતે લોકાર્પણ પ્રસંગે

# કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં રૂા. ૫૧ લાખનું દાન કરતા અમરેલીનો ખૂંટ પરિવાર

## અમરેલીનાં જાણીતા તબીબ ડો. ખૂંટ સહપરિવાર રહ્યા ઉપસ્થિત







અમરેલી, તા. ૯

આટકોટ ખાતે ભાજપ અગ્રણી ડો. ભરત બોઘરા ધ્વારા ઉભી કરવામાં આવી કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં બે દિવસ પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં હૃદયરોગ વિભાગ તથા નવા બે મોડયુલર ઓપરેશન થિયેટરનું લોકાર્પણ કરવાાં આવ્યું હતું.

આ લોકાર્પણ પ્રસંગે અમરેલીનાં જાણીતા તબીબ ડો. ચંદ્રેશ ખૂંટ તથા તેમના ભાઈ દિનેશભાઈ ભવાનભાઈ ખૂંટ દ્વારા આ હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે રૂા. ૫૧ લાખનું માતબર દાન આપવામાં આવતા મુખ્યમંત્રી તથા પ્રદેશ ભાજપ પ્રમુખ ધ્વારા ખૂંટ પરિવારનું સ્વાગત કરાયું હતું.

ડો. ચંદ્રેશ ખૂંટનાં લઘુબંધુ દિનેશભાઈ ખૂંટ અંકલેશ્વર ખાતે એપેક્ષ ફાર્મા કેમીકલ્સ, નીનય લાઈફ સાઈન્સ તથા એઈમ્સ કેમીકલ્સ એન્ડ ઈન્ક (પ્રા.)લી. નામનાં ઉદ્યોગો ચલાવી રહ્યા છે. તેઓ માદરે વતન માટે હંમેશા મદદ કરવા તત્પર રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દિનેશભાઈ ખુંટ દ્વારા અગાઉ આ હોસ્પિટલમાં ટ્રસ્ટી તરીકે જોડાયા હતા ત્યારે પણ રૂા. ૨૫ લાખની પોતાની સેવા આપી હતી.

# સાવરકુંડલાના સરદારધામનાં કન્વીનર પદે પ્રતિક નાકરાણી



સાવરકુંડલા, તા.૯

સમસ્ત પાટીદાર સમાજની એકતાનું પ્રતીક એવી સરદાર ધામ સંસ્થામાં સાવરકુંડલા શહેર અને તાલુકાના કનવિંર પદે પાટીદાર સમાજનાં સેવાભાવી કાર્યકર અને પ્રમાણિક પાલીકા સદસ્ય તરીકે શહેરભરમાં જાણીતા યુવાન પ્રતિક નાકરાણીની વરણી સરદાર ધામનાં પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયા, ઉપપ્રમુખ પરેશભાઈ ગજેરા, સૌરાષ્ટ્ર જોનનાં પ્રભારી સુભાષ ડોબરીયા અને ટ્રસ્ટી ગણ દ્વારા કરવામાં આવી છે.

પાટીદાર સમાજની એકતાનાં પ્રતિકરૂપ સરદાર ધામ જેવી મહત્વની ગણાતી સંસ્થામાં પ્રતિક નાકરાણીની વરણી થતાં શહેરભરમાંથી તમામ સમાજનાં આગેવાનો દ્વારા તેમને શુભેચ્છા મળી રહી છે.

# ઉનામાં કાર ચાલકે હડફેટે લેતા ૨ યુવકોને ગંભીર ઈજા





તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા.૯

ઉના તાલુકા પંથકમાં અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહયો છે. ત્યારે વાહન ચાલકો કોઈ પણ પ્રકારનાં ટ્રાફિકનાં નિયમોનું પાલન કર્યા વગર બે ફામ પણે વાહનો ચલાવી અકસ્માત સર્જી લોકોની જિંદગી જોખમમાં મુકતા હોય છે. ત્યારે ઉનાથી દેલવાડા તરફ પુર ઝડપે જઈ રહેલ ડીડી ૦૨ ૪૦૬૪ ના કાર ચાલકે જીજે ૩૨ એબી ૫૪૯૯ નં ની બાઈકને અડફેટે લેતા બાઈકમાં સવાર વિશાલ પ્રવિણભાઈ બાંભણિયા રહે. ઉના તથા રાહુલ કેશુભાઈ મજીઠીયા રહે. કાળ ાપણ, તા.ઉના વાળાઓને હાથ પગ અને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ ને જાણ કરાતા ૧૦૮ ના પાયલોટ રાજુ ગરચળ અને ઈએમટી મયુર ખંભાઈતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. અને ઘાયલ યુવકોને ઉનાની ખાનગી હોસ્પિટલે સારવાર અર્થે ખસેડેલ હતા.

### સિપાઈ સમાજ ટ્રસ્ટ–ગુજરાત દ્વારા સિપાઈ સમાજનાં વિદ્યાર્થીઓને તથા

# સિપાઈ સમાજનાં યતિમ ત્યકતા બાળકોને જકાત ફંડમાંથી સ્કોલશીપ આપવામાં આવશે

## સ્કોલરશીપ મેળવવા માટે ફોર્મ ભરવાનું રહેશે

અમરેલી, તા.૯

સિપાઈ સમાજ ટ્રસ્ટ–ગુજરાતએ સમગ્ર ગુજરાતમાં સિપાઈ સમાજનાં વિદ્યાર્થીઓ માટે કામ કરતી સંસ્થા છે. અને છેલ્લા સાત વર્ષથી સ્કોલરશીપ આપે છે. અને આ આઠમાં વર્ષમાં (શૈક્ષણિક વર્ષ–૨૦૨૩–૨૪) પણ સિપાઈ સમાજનાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવશે.

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા મુખ્ય બે પ્રકારની જકાત સ્કોલરશીપ આપવામાં આવશે. પ્રથમ જકાત સ્કોલરશીપ આ સ્કોલરશીપ આ સ્કોલરશીપ ધો.૧૦ કે તેથી ઉચ્ચ અભ્યાસ કરતાં સિપાઈ સમાજનાં વિદ્યાર્થીઓને આપવામાં આવશે. તથા બીજી યતિમ–ત્યકતા વિદ્યાર્થીઓ માટેની જકાત સ્કોલરશીપ : આ સ્કોલરશીપ ધોરણ પાંચ કે તેથી ઉચ્ચ અભ્યાસ કરતાં સિપાઈ સમાજનાં યતિમ વિદ્યાર્થી (કે જેમનાં પિતા અથવા માતા–પિતા બંને ગુજરી ગયા છે તે બાળક) તથા ત્યકતા ( જે બાળકનાં માતા–પિતાનાં તલ્લાક થઈ ગયા છે. માતા–પિતાનાં તલ્લાક થયા નથી પણ લાંબા સમયથી અલગ રહે છે. વગેરે કિસ્સાઓમાં સંસ્થાની કારોબારીને યોગ્ય લાગે તે) બાળકો માટે જકાત સ્કોલરશીપ આપવામાં આવશે. વધુ વિગત ફોર્મમાં લખેલી છે. તથા બંને સ્કોલરશીપ માટેનું ફોર્મ એક જ છે.

ઉપરોકત સ્કોલરશીપ મેળ વવા માટે તેનું ફોર્મ ભરવાનું રહેશે છે. આ ફોર્મ સિપાઈ સમાજની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી ભરી શકશે. ઉપરાંત સિપાઈ સમાજ ટ્રસ્ટનાં કાર્યકરો પાસેથી સોશ્યલ મિડીયામાં પીડીએફ મંગાવીને પણ ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી ભરી શકશે. ફોર્મ ઓફલાઈન (મેન્યુઅલ ભરવાનું છે. ઓનલાઈન ભરવાનું નથી.

સિપાઈ સમાજનાં જે વિદ્યાર્થીઓ સિપાઈ સમાજ ટ્રસ્ટની સ્કોલરશીપ માટે પ્રથમ વખત ફોર્મ ભરે છે. તેમણે ૩૧ ડિસેમ્બર પહેલા ફોર્મ ભરી દેવાનું રહેશે. તથા જે વિદ્યાર્થીઓએ ગયા વર્ષ સિપાઈ સમાજ ટ્રસ્ટની સ્કોલરશીપ લીધી હોય તે વિદ્યાર્થીઓએ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ફોર્મ ભરી દેવાનું રહેશે. વધુમાં કોઈપણ નિર્ણય કરવાની સત્તા કારોબારીની રહેશે. વિદ્યાર્થીએ ફોર્મ ભરી પોતે જ ફોર્મમાં જણાવેલ સિપાઈ સમાજ ટ્રસ્ટનાં પોરબંદરનાં કાર્યાલયે પહોંચાડવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે સિપાઈ સમાજ ટ્રસ્ટ છેલ્લા આઠ વર્ષથી સિપાઈ સમાજનાં સામાજીક, આર્થિક તથા શૈક્ષણિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. સિપાઈ સમાજ ટ્રસ્ટ સિપાઈ સમાજની સ્કોલરશીપ ઉપરાંત સમાજની વિધવા બહેનોને સહાય પણ આપે છે. ધો.૮ થી કોલેજ અને તેથી ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, સિપાઈ સમાજનાં સરકારી–અર્ધ સરકારી નોકરી પ્રાપ્ત કરનારાં યુવાઓ, રમત–ગમત ક્ષેત્રે રાજય કે રાષ્ટ્રીય લેવલે સિધ્ધી મેળવનાર વિદ્યાર્થીઓ કે યુવાનો તથા વિકલાંગ વિદ્યાર્થીઓને સન્માનવાનો સન્માન સમારોહ યોજે છે. ઉપરાંત અલગ–અલગ ગામમાં મેડીકલ કેમ્પો, જીવનસાથી પરિચય સમારોહ, રમત–ગમત ક્ષેત્રે રાજય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું પણ આયોજન કરે છે. ધો.૧૦ થી શું ? ધો.૧૨ પછી શું ? વિષય પર કારકિર્દી માર્ગદર્શન સેમિનાર તથા વેંબનારોનું સતત ઓનલાઈન આયોજન ઉપરાંત અલગ–અલગ નોકરીની જાહેરાત આવે ત્યારે તેમનાં પર પણ વેબિનારોનું આયોજન કરી સમસ્ત સમાજનાં લોકોને માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.

સિપાઈ સમાજ ટ્રસ્ટની સ્કોલરશીપની કોઈ માહિતી જોઈતી હોય તો સિપાઈ સમાજ ટ્રસ્ટનાં કારોબારી મેમ્બરોનો સંપર્ક કરવો અથવા પ્રમુખ ડો.અવેશ એ.ચૌહાણ ૯૮૨૪૨ ૪૩૨૧૮ અથવા અમરેલી જિલ્લા માટે ઉપપ્રમુખ અબ્દુલભાઈ કુરેશી – ૯૪૨૬૮ ૫૨૭૨૦ નો સંપર્ક કરવો. ઉપરોકત માહિતી સિપાઈ સમાજ ટ્રસ્ટનાં ઉપપ્રમુખ અબ્દુલભાઈ કુરેશી દ્વારા અત્રે અહિં પ્રસ્તૃત કરવામાં આવી છે.

# ચલાલાનાં ગાયત્રી સંસ્કારધામમાં મહાસતી પુનિતાજી અને જયનાજીનું આગમન





ચલાલા, તા.૯, ગાયત્રી સંસ્કાર ધામમાં મહાસતી પુનિતાશ્રીજી અને જયનાશ્રીજીની પધરામણી ધર્મલાભ આપ્યો.

### સલડીની ત્રણ વિદ્યાર્થીનીઓએ

# ગુજરાત સ્ટેમ કિવઝ નેશનલ ફિનાલેમાં ભાગ લીધો

અમરેલી, તા.૯

ગુજકોસ્ટ, ગુજરાત સરકાર દ્વારા સ્ટેમ કિવઝ ૨.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં એમ.એમ.યાજ્ઞિક હાઈસ્કુલ, સલડીનાં ૮ વિદ્યાર્થીઓ રાજયકક્ષાની કિવઝ માટે કવાલિફાઈ થયા હતા.

જેમાંથી ફરી ૩ વિદ્યાર્થીઓની વામજા દ્રષ્ટિ કનુભાઈ દ્વિતીય ક્રમે, ડેર નિહિતા રમેશભાઈ તૃતીય ક્રમે અને દેવાણી દ્રષ્ટિ પ્રવિણભાઈ ચતુર્થ ક્રમે આવતા ગુજરાત સ્ટેમ કિવઝ નેશનલ ફિનાલે માટે સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ગયા હતા. રાજયકક્ષા અને નેશનલ કક્ષાની કિવઝમાં પસંદ થવા બદલ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

# અમરેલી જિલ્લામાં સંભવિત વાવાઝાડા અંગે બચાવની પુર્વ તૈયારી કરવા કલેકટરનો આદેશ

અમરેલી, તા.૯

સંભવિત વાવાઝોડા અંગે બચાવની પૂર્વતૈયારી કરવા અંગે જિલ્લા કલેકટર દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. ભારતીય હવામાન વિભાગના તા.૦૮ જુન, ૨૦૨૩ના બુલેટીન અનુસાર દક્ષિણ – પૂર્વ અરબી સમુદ્રમાં તીવ્ર વાવાઝોડું ઉદભવ્યું છે. જિલ્લામાં સાવચેતી અને સલામતીનાં પૂર્વ ઉપાયનાં પગલાં સુનિશ્ચિત કરવામાં આવ્યા છે.

વાવાઝોડા પહેલા, વાવાઝોડા દરમિયાન તથા વાવાઝોડા બાદ શું કરવું અને શું ન કરવું તે અંગે નિયત માર્ગદર્શિકા છે તે અનુસરવાની રહે છે. સંભવિત વાવાઝોડા તથા ભારે વરસાદને કારણે ઉદભવી શકે તેવી વિષમ પરિસ્થિતિની શકયતાઓ ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લામાં સાવચેતી માટેના જરૂરી અને યોગ્ય પગલાં લેવા તથા તે માટે જરૂરી પૂર્વ આયોજન જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ભયજનક મકાનો, કાચા મકાનો, છાપરાં અને નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સમયસર ચેતવણી મળે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોની તાલુકા સ્તરેથી યાદી બનાવીને હાથવગી રાખવામાં આવશે. સલામત આશ્રયસ્થાનોની ઓળખ કરવી તેમજ આશ્રયસ્થાનોમાં પાણી, વીજળી, સેનિટેશન વગેરે આનુષાંગિક વસ્તુઓ સહિત તમામ પ્રાથમિક સુવિધાઓ વ્યવસ્થા કરવી. જરૂરિયાતનાં કિસ્સામાં લોકોને સલામત સ્થળે ખસેડવાની વ્યવસ્થા કરવી. તાલુકા તેમજ જિલ્લાકક્ષાએ આવેલ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ૨૪×૭ કાર્યરત રહેશે. અનાજ,પાણી,દવાઓ, ઈંધણ તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ રહેશે. તાકીદની પરિસ્થિતિમાં વીજ પુરવઠો, પાણી પુરવઠો, રોડ વગેરે આવશ્યક સેવાઓ ઓછામાં ઓછી ખોરવાઈ તેમજ ઝડપથી મેઈનટેનન્સ તથા પુનઃ સ્થાપન માટે ટીમો તૈયાર રાખવામાં આવશે. પશુઓની સલામતી માટે નજીકની ગેશાળ ા/પાંજરાપોળ વગેરે વ્યવસ્થા સુનિશ્ચિત કરવી. સ્થાનિક તરવૈયાઓની યાદી તેમનાં સંપર્ક નંબર સાથે તૈયાર રાખવામાં આવશે. જરૂર જણાયે ફુડ પેકેટ તથા પાણીની વ્યવસ્થા માટે આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. હોસ્પિટલમાં જરૂરી દવાઓ, મેડીકલ/પેરા મેડીકલ સ્ટાફની ઉપલબ્ધિ અંગેનું આયોજન કરવું. APMC માં ખુલ્લામાં હોય તે જણશનાં જથ્થાને નુકશાન ન થાય તેમજ જિલ્લાની સરકારી મંડળીઓનાં ગોડાઉનમાં રહેલ જથ્થાને નુકશાન ન થાય તે અંગે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. સરકાર દ્વારા વખતો વખત આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે મહત્વની બાબત છે. અધિકારીઓને–કર્મચારીઓને હેડ કવાર્ટર ન છોડવા જિલ્લા કલેકટરએ આદેશ કરી સૂચના આપી છે.

### ભૂલકાંઓનાં સુંદર ભવિષ્યની શરૂઆત

# અમરેલી જિલ્લામાં ૧૨ જુનથી ૧૪ જુન સુધી યોજાશે શાળા પ્રવેશોત્સવ

અમરેલી તા. ૯, પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓને વેગ મળે અને કન્યા કેળવણીનું મહત્વ વધે તે ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકાર દ્વારા રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

શાળામાં અભ્યાસ કરતા બાળ કો અધવચ્ચેથી શિક્ષણ છોડે નહિ, ડ્રોપ આઉટ રેશિયો ઘટે અને વધુ સારી રીતે અભ્યાસ કરી શકે તે માટે શિક્ષણનો આ મહાયજ્ઞ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળ વણી એ અસરકારક નીવડયો છે. મહત્વનું છે કે, સમગ્ર રાજયમાં આગામી તા.૧૨ જુન થી તા.૧૪ જુન,૨૦૨૩ સુધી રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવ–કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

આ ઉજવણી હશે ભૂલકાઓના ઉજજવળ, સુંદર મજાના ભવિષ્યની શરૂઆતની. વર્ષ ૨૦૨૩–૨૪માં અમરેલી જિલ્લામાં ધો.૧માં કુલ ૯૫૧ બાળકો–બાળાઓ પ્રવેશ પ્રાપ્ત કરશે. જિલ્લામાં કુલ ૧૧ તાલુકાઓ છે. અમરેલી તાલુકામાં કુમાર ૬૩ અને કન્યા ૮૫, લાઠી તાલુકામાં કુમાર ૨૪ અને કન્યા ૧૪, લીલીયા તાલુકામાં કુમાર ૨૩ અને કન્યા ૯, બાબરા તાલુકામાં કુમાર ૨૯ અને કન્યા ૨૫, કુંકાવાવ તાલુકામાં કુમાર ૨૮ અને કન્યા ૨૬, બગસરા તાલુકામાં કુમાર ૧૨ અને કન્યા ૫, ધારી તાલુકામાં કુમાર ૩૯ અને કન્યા ૩૭, ખાંભા તાલુકામાં કુમાર ૨૦ અને કન્યા ૨૪, રાજુલા તાલુકામાં કુમાર ૯૭ અને કન્યા ૯૪, જાફરાબાદ તાલુકામાં કુમાર ૫૨ અને કન્યા ૩૮, સાવરકુંડલા તાલુકામાં કુમાર ૧૧૬ અને કન્યા ૯૧ સહિત ૯૫૧ બાળકો–બાળાઓ સમગ્ર જિલ્લામાં ધો.૧માં પ્રવેશ પ્રાપ્ત કરવાની સાથે સાથે પોતાના અભ્યાસ જીવનની પા પા પગલીઓ માંડશે.

# સાવરકુંડલા ખાતે પાલિકા દ્વારા લાભાર્થીઓને સહાય વિતરણ કરાઈ







સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ૭૦૦ જેટલા લાભાર્થીઓને સહાય વિતરણ કરવાના કાર્યક્રમ પાલિકા કચેરી ખાતે સાંસદ અને ધારાસભ્યની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે યોજાયો હતો જેમાં દરેક લાભાર્થીઓને સરકારી સહાય ન પ્રતિક રૂપે ભેટ એનાયત કરવામાં આવી હતી. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સરકારની યોજનોઓ વચેટિયા વિના સીધું જ લાભાર્થીઓને હાથો હાથ સહાય અર્પણ કરવાનો વિશેષ કાર્યક્રમ નગરપાલિકા કચેરી ખાતે સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની પ્રેરક ઉપસ્થિતિમાં લાભાર્થી સંમેલન યોજવામાં આવેલ હતું પાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશી દ્વારા દરેક લાભાર્થીઓને સરકારી સહાય પ્રતિકરૂપે મકાનના લાભાર્થીઓને પ્રતિક રૂપે મકાનની ચાવી અને ફેરિયાઓને પ્રતિક ચેક એનાયત સાંસદ કાછડીયા અને ધારાસભ્ય કસવાળાના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યા હતા પાલિકા દ્વારાં એકી સાથે ૭૦૦ જેટલા લાભાર્થીઓને પ્રતિક સહાય અર્પણ કરવાના કાર્યક્રમ વખતે ૯ વોર્ડમાંથી લાભાર્થીઓ શોધી શોધીને ગરીબોને સરકારી સહાયનો લાભ મળી શકે તેવું સુંદર આયોજન પાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશી અને પાલિકાની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળ ા, જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા, શરદભાઈ પંડયા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પુનાભાઈ ગજેરા, શિક્ષણ સમીતીના ચેરમેન વિપુલભાઈ દુધાત, સહિતના ભાજપના ચૂંટાયેલા તમામ સદસ્યો સહિત ૭૦૦ લાભાર્થીઓને પ્રતિક સહાય વિતરણ કરવામાં સાવરકુંડલા નગરપાલિકાની ભાજપ શાસિત ટીમે રંગ રાખ્યો હતો.

## સામાજિક વનીકરણ વિભાગ દ્વારા પાંચ વર્ષની કામગીરી દરમિયાન

# અમરેલી જિલ્લામાં ૨.૫ લાખમાંથી ૧.૯૪ લાખ વૃક્ષનો થયો ઉછેર

એક તરફ સાંસદે તાજેતરમાં યોજાયેલ વન મહોત્સવમાં વન વિભાગ દ્વારા એકપણ વૃક્ષનો ઉછેર થતો નથી તેવો કટાક્ષ કર્યો હતો

રાજયનાં વનમંત્રી મુળુભાઈ બેરાએ સોશ્યલ મીડિયાનાં માધ્યમથી અમરેલીનાં વન વિભાગની કામગીરીની કરી પ્રશંસા

સત્તાધારી પક્ષનાં સાંસદ અને ભાજપ સરકારનાં વનમંત્રી વચ્ચે આંકડાકીય તફાવતથી આશ્ચર્ય ફેલાયું

અમરેલી પંથકમાં સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પણ વૃક્ષ ઉછેરની શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં સામાજીક વનીકરણ વિભાગ ધ્વારા ૨.૫ લાખ વૃક્ષોનું વાવેતર કરેલ જેમાંથી ૧.૯૪ લાખ વૃક્ષોનો ઉછેર થયો છે. સામાજીક વનીકરણ વિભાગને રાજયનાં વનમંત્રી મુળુભાઈ બેરાએ સમર્થન કરતું ટવીટ સોશ્યલ મીડિયાં વાયરલ કરેલ છે.

તાજેતરમાં અમરેલીનાં ઈશ્વરીયા ગામ નજીક યોજાયેલ વન મહોત્સવ કાર્યક્રમમાં અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયાએ વન વિભાગ ધ્વારા વાવેતર થતાં વૃક્ષોમાંથી કોઈને ઉછેર થતો નથી તેમ જણાવતાં ઉપસ્થિત સૌ કોઈ અચંબામાં પડી ગયા હતા.

દરમિયાનમાં વનમંત્રીએ ૧.૯૪ લાખ વૃક્ષોનો ઉછેર થયો હોવાનું જણાવતાં પર્યાવરણ પ્રેમીઓ આ વિરોધાભાસ સમજી શકતા નથી. જો કે અમરેલી પંથકમાં રાજકોટનાં સદભાવનાં વૃધ્ધાશ્રમ ધ્વારા વૃક્ષો ઉછેરની શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે તે એક હકીકત છે.

### રાંઢીયાનાં યુવક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ

## અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારની યુવતીને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી દુષ્કર્મ આચર્યુ

### આરોપીએ ભોગ બનનારને મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા. ૯

અમરેલી નજીક આવેલ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૨૭ વર્ષિય યુવતીને રાંઢીયા ગામે રહેતા આરોપી અલીનકી સબીરહુશેન નકવી નામનાં ઈસમે અવાર નવાર ઈન્સ્ટ્રાગ્રામ પર મેસેજ કરી તેણી સાથે રહેવા તથા લગ્ન

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અજાણ્યા કાર ચાલકની શોધખોળ શરૂ

## કુંકાવાવ–બગસરા માર્ગ ઉપર કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં પુત્રની નજર સામે પિતાનું મોત

### પિતા–પુત્ર જુના વાઘણીયાથી કુંકાવાવ જતાં હતા

અમરેલી, તા. ૯

બગસરા તાલુકાનાં જુના વાઘણીયા ગામે રહેતા વાસુરભાઈ રામસુરભાઈ હેરભા તથા તેમનાં પુત્ર વિક્રમભાઈ ગઈકાલે બપોરે પોતાના હવાલાવાળ મોટર સાયકર નં. જી.જે. ૧૪–એઈ ૬૦૫૪ લઈ જુના વાઘણીયા ગામેથી કુંકાવાવ ગામે જતાં હતા ત્યારે કુંકાવાવ નજીક બગસરા રોડ ઉપર પહોંચતા સામેથી આવતી સફેદ કારનાં ચાલકે આ પિતા–પુત્ર વાળા મોટર સાયકલને હડફેટે લઈ પિતા વાસુરભાઈને ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યું હતું જયારે પુત્ર વિક્રમભાઈને સારવાર માટે અત્રેનાં દવાખાને ખસેડવામાં આવેલ છે.






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)